

# આત્મધર્મ

માસિક : વર્ષ-૫ * અંક-૧૨ * ઓગસ્ટ, ૨૦૧૧



અનિમિષ નયને નિરખું જિનવરદેવને રે,
જિનદર્શનમાં અંતરિયાં થંભી રહ્યાં,
કઈ વિધ વંદુ, કઈ વિધ પૂજું નાથને રે,
તૃપ્તિ ન થાયે, અંતરિયાં ઉલસી રહ્યાં.

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ આત્મા અને કર્મ વચ્ચે ભેદજ્ઞાનની દૃઢ રેખા દોરવી જોઈએ, અર્થાત્ જેવું ભણ્યો તેવું કરવું જોઈએ; અને ચિત્તને જ્યાં-ત્યાં ભમાડવું ન જોઈએ. આમ કરે તેને આત્મામાંથી કર્મ દૂર થઈ જાય છે. ૧૨૨૫.

*(મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૮૩)*

❀ પ્રશ્ન :–બુદ્ધિમાન પુરુષે કોનાથી ડરવું જોઈએ?

ઉત્તર :–બુદ્ધિમાન પુરુષે સંસારરૂપી ભયંકર અટવીથી (કે જ્યાં જન્મ-મરણના ભયંકર દુ:ખો સહન કરવા પડે છે તેનાથી) ડરવું જોઈએ. ૧૨૨૬.

*(શ્રીમદ્ રાજર્ષિ અમોઘવર્ષ, રત્નમાલા, શ્લોક-૨૨)*

❀ હે નાથ! જેના પગથી માથા સુધી આખું શરીર મોટી મોટી લોઢાની સાંકળોથી ખૂબ મજબૂત જકડાઈ ગયું છે તથા કઠોર, તીક્ષ્ણ બેડીઓથી જેઓની જાંઘો ખૂબ ઘસાઈ રહી છે એવા લોકો પણ આપના નામરૂપી પવિત્ર મંત્રોનું નિરંતર સ્મરણ કરવાથી બહુ જલ્દીથી એ બંધનના ભયથી મુક્ત થઈ જાય છે. ૧૨૨૭.

*(શ્રી માનતુંગ આચાર્ય, ભક્તામરસ્તોત્ર, શ્લોક-૪૬)*

❀ જબ સમ્યગ્દર્શનકે હોતે હી આત્મજ્ઞાનકા અંકૂર પ્રગટ હોતા હૈ તબ હી હિતકારી આત્મજ્ઞાનકે સ્થાન ઉદય હોકર બઢને લગતે હૈં અર્થાત્ જૈસે અંકુરસે વૃક્ષ બઢતા હૈ વૈસે સમ્યક્ત્વ સહિત સમ્યગ્જ્ઞાનસે આત્મજ્ઞાનકા વૃક્ષ બઢતા જાતા હૈ. આત્મજ્ઞાનકી ગુફામેં રહના હી ગુપ્તિ હૈ. જહાં મન, વચન, કાય–તીનોંકા નિરોધ હૈ. ઈસ આત્માનુભવરૂપી ગુફાકે ભીતરસે ઉઠકર જ્ઞાનકા પ્રકાશ ફૈલતા જાતા હૈ અર્થાત્ આત્માનુભવસે હી કેવલજ્ઞાન હોતા હૈ. ૧૨૨૮.

*(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું-૨૦)*

❀ હે પ્રભાકર ભટ્ટ! આગે કહે જાનેવાલે નયકે ભેદસે આત્મા સર્વગત ભી હૈ, આત્મા જડ ભી હૈ ઐસા જાનો, આત્માકો દેહકે બરાબર ભી માનો, આત્માકો શૂન્ય ભી જાનો, નયવિભાગસે માનનેમેં કોઈ દોષ નહીં હૈ, ઐસા તાત્પર્ય હૈ. ૧૨૨૯.

*(શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૧, ગાથા-૫૧)*

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

વર્ષ-૫
અંક-૧૨

સંવત
૨૦૬૭
AUGUST
A.D. 2011

આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*❀ શ્રોતા :—વિશેષ શાસ્ત્ર-અભ્યાસ ન હોય તો પણ આત્માની પ્રાપ્તિ થઈ શકે?*

પૂજ્ય બહેનશ્રી :—શિવભૂતિ મુનિને ગુરુએ માતુષ–મારૂષ એમ કહ્યું, પરંતુ એટલું પણ તેઓ ભૂલી ગયા અને તુષ-માષ થઈ ગયું. ત્યાં એક બાઈ દાળ ધોતી હતી. તે ફોતરાં અને દાળ જોઈને તેમને થયું કે ફોતરાં જુદાં છે અને દાળ જુદી છે. અને તે ઉપરથી યાદ આવ્યું કે મારા ગુરુએ એમ કહ્યું છે કે આત્મા જુદો છે ને શરીર, વિભાવ-રાગ-દ્વેષાદિ જુદા છે. આ રીતે મારો સ્વભાવ જુદો છે એમ પ્રયોજનભૂત ગ્રહણ કરી લીધું અને અંતરમાં ઊતરી ગયા. આમ વધારે શાસ્ત્ર-અભ્યાસની જરૂર નથી પણ અંદરની લગની, અંદરનો પુરુષાર્થ અને રુચિની જરૂર છે. તે યથાર્થ સમજે તો થાય અને આત્માનું અસ્તિત્વ ગ્રહણ કરે તો થાય. અંતરસ્વરૂપ સમજવાની જરૂર છે. આત્મા બીજાથી જુદો છે, તે જ્ઞાયક છે, આનંદથી ભરેલો છે, મહિમાવંત છે, તે કોઈ જુદું જ તત્ત્વ છે એમ અંતરમાંથી સમજે તો થાય. જિનેન્દ્રદેવે પૂર્ણતા કેમ કરી, ગુરુ કેવી રીતે સાધના કરી રહ્યા છે, શાસ્ત્રમાં શું વાત આવે છે, સમજાવનાર ગુરુ શું કરી રહ્યા છે, શું માર્ગ બતાવી રહ્યા છે તે પોતે ગ્રહણ કરે. પ્રયોજનભૂત-મૂળભૂત વાત ગ્રહણ કરે તો પમાય તેવું છે. વિશેષ શાસ્ત્રાભ્યાસ કરે તો જ પમાય એમ નથી, દિવસ અને રાત લગની લાગવી જોઈએ. બહારની રુચિ અને રસ હોય તો આ ન થાય પણ આત્માનો રસ લાગવો જોઈએ. આ બહારનું બધું અંતરમાં નીરસ લાગે અર્થાત્ અંતરમાંથી તેનો બધો રસ છૂટી જાય, તેની મહિમા છૂટી જાય તો આત્મપ્રાપ્તિ થાય. રસ એક આત્માનો લાગે, બીજી મહિમા છૂટી જાય તથા સંસાર મહિમાવંત નથી પણ

મહિમાવંત મારો આત્મા જ છે એવું અંતરમાંથી લાગે તો થાય. મૂળ પ્રયોજનભૂત આત્માના સ્વભાવને ઓળખે એટલે કે મારા દ્રવ્ય-ગુણ-પર્યાય શું છે એમ મૂળ પ્રયોજનભૂત સ્વરૂપ સમજે તો આત્મા પમાય. તેના પુરુષાર્થમાં ખામી છે પણ અંદરની ખરી લગની લાગે તો વારે વારે પુરુષાર્થ કરે, વારંવાર પુરુષાર્થ થાય. સાચી રુચિ હોય તો વારે વારે પુરુષાર્થ થયા જ કરે. જો રુચિ મંદ પડે તો વારંવાર પુરુષાર્થ કરી ઉગ્ર કરે. લગની અંદરથી લાગવી જોઈએ. આત્માની લગની અંદરથી લાગે તેને ક્યાંય ચેન પડે નહિ.

*શ્રોતા :—લગની ઘણી લાગી છે પણ પુરુષાર્થ ઊપડતો નથી?*

પૂજ્ય બહેનશ્રી:—લગની લાગે અને પુરુષાર્થ ન ઊપડે એવું બને જ નહિ અને પુરુષાર્થ ન ઊપડે તો લગની જ લાગી નથી. અંદરથી તૃષા લાગી હોય તો તે પાણી ગોતવાનો પ્રયત્ન કર્યા વગર રહે જ નહિ; પણ અંદર તરસ જ લાગી નથી. લગની લાગે તો પુરુષાર્થ થાય જ અને તો માર્ગ મળ્યા વગર રહે જ નહિ. ગુરુદેવે વિધિ ઘણી સ્પષ્ટતાથી બતાવી છે પણ પોતાને અંદરથી લાગે તો વિધિ ગોતે ને? ખરેખર લગની લાગી જ નથી. વિધિ એક જ છે કે આત્માને ઓળખવો, આત્માનું અસ્તિત્વ ગ્રહણ કરવું. આત્મા કોણ છે? આત્મા શાશ્વત છે તે કઈ રીતે છે? વગેરે વિચાર કરીને નક્કી કરે અને એકત્વબુદ્ધિ તોડવાનો પ્રયત્ન કરે. પરમાર્થ પંથ એક જ છે પણ તે પોતે કરતો નથી.

*❀ શ્રોતા :—બહારની મીઠાશ હજી છૂટતી નથી, તો આત્મા મેળવવા શું કરવું? આગળ કેમ જવાય?*

પૂજ્ય બહેનશ્રી :—આત્મા બધાથી જુદો કોઈ અપૂર્વ છે એમ આત્માને ઓળખે તો ભવનો અંત થાય. ગુરુદેવે જ્ઞાયકને ઓળખવાનો માર્ગ બતાવ્યો છે તેને ઓળખે તો ભવનો અંત થાય. આત્માની મીઠાશ લાગવી જોઈએ. અંદરથી આત્માની મીઠાશ અને તેની જરૂરિયાત લાગે તો પુરુષાર્થ થાય. આત્માની મીઠાશ લાગતી નથી અને બહારની મીઠાશ લાગે છે તો બહારનું મળે છે. જો આત્માની મીઠાશ લાગે છે તો આત્મા મળે છે. આત્માની મીઠાશ લાગતી નથી તો આત્મા ક્યાંથી મળે? તેને અંતરથી આત્માની અપૂર્વતા લાગવી જોઈએ. જેમ ભગવાન કોઈ જુદા છે તેમ મારો આત્મા ભગવાન જેવો છે—આમ ઓળખે તો આગળ જવાય.

*✻ શ્રોતા :—શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચનામૃતમાં આવે છે કે તું બીજું કાંઈ શોધ મા, એક સત્ પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દે, પછી તને જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે. તેની વિશેષ સ્પષ્ટતા સમજાવવા કૃપા કરશો.*

પૂજ્ય બહેનશ્રી :—તત્ત્વને જેણે ગ્રહણ કર્યું છે, સ્વાનુભૂતિ જેણે પ્રગટ કરી છે, માર્ગ જેણે પ્રગટ કર્યો છે અને જેઓ માર્ગને જાણે છે એવા એક સત્ પુરુષને ગોત, તેઓ તને બધું કહેશે. તને અંતરથી કાંઈ સમજાતું નથી તો સત્ પુરુષને શોધ અને પછી સત્ પુરુષ જે બધું કહે છે તેનો આશય ગ્રહણ કરી લે.

મોક્ષ મારી પાસેથી લેજે એટલે કે તને મોક્ષ મળવાનો જ છે, સત્ પુરુષને તેં ગ્રહણ કર્યા અને ઓળખ્યા તો તને માર્ગ મળવાનો જ છે, મોક્ષ પ્રગટ થવાનો જ છે. માટે 'મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.' તેનો અર્થ એ છે કે તને મોક્ષ મળવાનો જ છે.

અનંતકાળથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું નથી, તેને દેવ-શાસ્ત્ર કે ગુરુ મળે અને પોતાનું ઉપાદાન તૈયાર હોય તો પ્રાપ્ત થાય. એવો નિમિત્ત–ઉપાદાનનો સંબંધ છે. અંતરથી દેશનાલબ્ધિ પ્રગટ થાય એટલે અવશ્ય સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય. સમ્યગ્દર્શન થાય છે પોતાના ઉપાદાનથી પણ નિમિત્ત સાથે એવો સંબંધ હોય છે. માટે તું એક સત્ પુરુષને ગોત, તેમાં તને બધું જ મળી રહેશે. સત્ પુરુષ તને મળે અને માર્ગ પ્રાપ્ત થયા વગર રહે તેવું બનતું નથી, અવશ્ય માર્ગ પ્રાપ્ત થાય જ. કારણ કે સત્ પુરુષ પ્રત્યે તને ભક્તિ અને અર્પણતા આવી છે તથા તેં સત્ પુરુષને ઓળખ્યા છે તો તને આત્મા ઓળખાયા વગર રહેશે જ નહિ.

જે ભગવાનને ઓળખે તે પોતાને ઓળખે અને પોતાને ઓળખે તે ભગવાનને ઓળખે. ભગવાનના દ્રવ્ય–ગુણ–પર્યાયને ઓળખે તે પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયને ઓળખે. તું સત્ પુરુષને ઓળખ, તો તને આત્મા ઓળખાયા વગર રહેશે જ નહિ. તેનાથી અવશ્ય તને સ્વાનુભૂતિની પ્રાપ્તિ થશે અને અવશ્ય તને મોક્ષ મળશે જ. અનાદિકાળથી પોતાને માટે અજાણ્યો માર્ગ છે, તેથી સમ્યગ્દર્શનની તૈયારી થાય અને પહેલું–વહેલું સમ્યગ્દર્શન થાય ત્યારે દેવ કે ગુરુનું નિમિત્ત અવશ્ય હોય છે. માટે તું સત્ પુરુષને ગોત એમ કહે છે. સત્ પુરુષને તું ઓળખ તો તને આત્મા ઓળખાયા વગર રહેશે નહિ એવો તેનો અર્થ છે.

પોતે સત્ પુરુષને ગ્રહણ કર્યા–ઓળખ્યા–ક્યારે કહેવાય? કે આત્માની પ્રાપ્તિ થાય તો, જો આત્મ-પ્રાપ્તિ ન થાય તો સત્ પુરુષને તેણે ઓળખ્યા જ નથી, ગ્રહણ કર્યા જ નથી અને તેનો આશય ગ્રહણ કર્યો જ નથી.

** શ્રોતા :—હમ તો મુક્તિકે લિયે પુરુષાર્થ કરતે હૈં લેકિન નિયમસારમેં મુનિરાજ કહતે હૈં કિ મુક્તિમેં ઔર સંસારમેં અંતર નહીં હૈ તો વહ કૈસે અંતર નહીં હૈ?*

પૂજ્ય બહેનશ્રી :—દ્રવ્યકી અપેક્ષાસે ઐસા કહા હૈ. દ્રવ્ય જૈસા શુદ્ધ મુક્તિમેં હૈ વૈસા હી શુદ્ધ સંસારમેં ભી હૈ. વહ શુદ્ધતાસે ભરા હૈ. જૈસા ભગવાનકા દ્રવ્ય હૈ વૈસા અપના દ્રવ્ય હૈ. મુક્તિકી પર્યાય પ્રગટતી હૈ લેકિન દ્રવ્ય તો વૈસા કા વૈસા હી રહતા હૈ. સબ વિકલ્પ તોડકર ભીતરમેં જાતા હૈ તો મુક્ત દ્રવ્ય દેખનેમેં આતા હૈ. દ્રવ્ય મુક્ત હી હૈ, જબ કિ બંધન ઔર મુક્તિ પર્યાયમેં હોતી હૈ.–ઐસા કહતે હૈં તો પુરુષાર્થ નહીં કરના ઐસા અર્થ નહીં હૈ. દ્રવ્ય તરફ દેખો તો મુક્તસ્વરૂપ હી દેખનેમેં આતા હૈ. ઉસકો બંધન યા વિભાવ હુઆ હી નહીં. યદિ દ્રવ્યમેં વિભાવ હો તો કભી છૂટે હી નહીં, વિભાવ હી સ્વભાવ હો જાય. અર્થાત્ યદિ વિભાવ ભીતરમેં ચલા જાય તો વહ સ્વભાવ હો જાય. લેકિન વિભાવ ભીતરમેં હૈ હી નહીં, ઈસલિયે દ્રવ્ય મુક્ત હી હૈ.

આચાર્યદેવ પર્યાયકો ગૌણ કરકે કહતે હૈં કિ હમ તો દ્રવ્યકો દેખતે હૈં, પર્યાય ઉપર દૃષ્ટિ નહીં દેતે. પર્યાયકો ગૌણ કરકે ઔર દ્રવ્યકો મુખ્ય કરકે સિદ્ધભગવાન જૈસા મુક્તસ્વરૂપ આત્માકો દેખતે હૈં તો ઉસમેં કુછ ભી ભેદ દીખનેમેં આતા હી નહીં. દ્રવ્ય ઐસા મુક્તસ્વરૂપ હૈ તો ભી આચાર્ય પુરુષાર્થ કરતે હૈં. મુનિરાજ છટ્ટવેં–સાતવેં ગુણસ્થાનમેં ઝૂલતે હૈં ઔર કહતે હૈં કિ સંસાર ઔર મુક્તિમેં કુછ ભેદ નહીં. ફિર ભી પુરુષાર્થ કરતે હૈં. કોઈ મુનિરાજ તો શ્રેણી ચઢકર કેવલજ્ઞાન પ્રગટ કરતે હૈં. ઐસે પુરુષાર્થ કરતે હૈં ફિર ભી આચાર્ય કહતે હૈં કિ મુક્તિ ઔર સંસારમેં ભેદ નહીં હૈ, ક્યોંકિ દ્રવ્ય તરફસે દેખો તો આત્મા મુક્તસ્વરૂપ હી દીખનેમેં આતા હૈ.

** શ્રોતા :—આજ સબેરે પૂજ્ય ગુરુદેવશ્રીકી ટેપમેં દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય ઔર ઈન્દ્રિયકે વિષયભૂત પદાર્થકી બાત આયી થી. ઉસમેં અરિહંત ભગવાનકી દિવ્યધ્વનિકો ભી ઈન્દ્રિયકે વિષયભૂત પદાર્થમેં લિયા કિન્તુ પ્રવચનસારકી ૮૦મી ગાથામેં આતા હૈ કિ જો ભગવાનકા દ્રવ્ય–ગુણ–પર્યાયકો જાનતા હૈ ઉસકા મોહ ક્ષયકો પ્રાપ્ત હોતા હૈ, તો યહ કૈસે કહા?*

પૂજ્ય બહેનશ્રી :—યહ દૂસરી બાત હૈ ઔર વહ દૂસરી બાત હૈ, દોનોંકી અપેક્ષા અલગ અલગ હૈ. જિતેન્દ્રિયસ્વરૂપ આત્મા દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય ઔર ઈસકે વિષયભૂત પદાર્થ–વહ સબસે ભિન્ન હૈ. દૃષ્ટિકા વિષયભૂત આત્મપદાર્થ, ભાવેન્દ્રિય–ક્ષયોપશમજ્ઞાન–જિતના ભી નહીં, વહ તો પૂર્ણસ્વરૂપ હૈ. આત્મામેં જ્ઞાન કમ હો ગયા ઉસકી વૃદ્ધિ હો ગઈ ઐસી કોઈ અપેક્ષા લાગુ નહીં હોતી. વહ ચૈતન્યસ્વરૂપ પૂર્ણ શુદ્ધાત્મા હૈ. ઈસલિયે યહ સબ દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય ઔર ઉનકે વિષયસે આત્માકો ભિન્ન દેખો. ઉસસે–આત્માકો ભિન્ન દેખનેસે ભેદજ્ઞાન ઔર સ્વાનુભૂતિ હોતી હૈ, જિસકો જિતેન્દ્રિય કહનેમેં આતા હૈ.

પ્રવચનસારમેં ભગવાનકે દ્રવ્ય–ગુણ–પર્યાય દેખનેવાલા અપનેકો દેખતા હૈ ઐસા કહા હૈ તો વહાં નિમિત્ત–ઉપાદાનકા સંબંધ દિખાયા હૈ. અનાદિકાલસે જીવને આત્માકો પીછાના નહીં. જબ ભગવાન જૈસા પ્રબલ નિમિત્ત મિલતા હૈ તબ આત્માકી પીછાન હોતી હૈ. અર્થાત્ ભગવાનકે દ્રવ્ય–ગુણ–પર્યાયકો સમજ લે તો અપના આત્મા સમજમેં આતા હૈ કિ જૈસી ભગવાનકી આત્મા વૈસી અપની આત્મા. ઐસે નિમિત્ત–ઉપાદાનકા સંબંધ દિખાતે હૈં.

યહાં તૂ સબસે ભિન્ન હૈ ઐસા દિખાતે હૈં. ભગવાનકી ધ્વનિ સુનનેમેં રાગ આતા હૈ વહ પ્રશસ્ત રાગ હૈ, વહ પ્રશસ્ત રાગકો તોડકર સ્વરૂપમેં લીન હોતે હૈં તબ મુનિ વીતરાગ હો જાતે હૈં ઔર કેવલજ્ઞાન પા લેતે હૈં. મગર બીચમેં દિવ્યધ્વનિ સુનનેકા રાગ આતા હૈ, વહાં ભગવાન રાગકા વિષયભૂત પદાર્થ હૈ.

દ્રવ્યદૃષ્ટિસે આત્મા રાગસે ભિન્ન હી હૈ. પૂર્ણ વીતરાગસ્વરૂપ આત્મા હૈ, ઉસકો તૂ દેખ લે. યહ રાગાદિ તો સબ બાહ્ય હૈ ઔર બાહ્ય લક્ષસે હી દિવ્યધ્વનિ સુનના આદિકા રાગ આતા હૈ. ઈસલિયે તૂ દ્રવ્યદૃષ્ટિસે પૂર્ણ સ્વરૂપકો યથાર્થ દેખ લે. સૂક્ષ્મ પ્રશસ્ત રાગ ભી આત્માકા સ્વરૂપ નહીં હૈ. ઉપયોગ બાહર જાનેસે રાગ આતા હૈ ઔર સ્વરૂપમેં લીન હો જાય તો રાગ નહીં હોતા. પરંતુ બીચમેં રાગ આયે બિના રહતા નહીં. જબ તક સ્વરૂપકો સમજકર પૂર્ણ વીતરાગદશા હુઈ નહીં તબ તક છદ્મસ્થકો પ્રશસ્ત રાગ આતા હૈ, ભગવાનકી દિવ્યધ્વનિ સુનનેકા રાગ આતા હૈ ઐસા તૂ જાન.

ભગવાનકે દ્રવ્ય–ગુણ–પર્યાય તૂ સમજ, તો તુજે તેરા સ્વરૂપ સમજમેં આયેગા. ઐસા નિમિત્ત–ઉપાદાનકા સંબંધ હૈ. અનાદિકાલસે જિસે સમ્યગ્દર્શન નહીં હુઆ ઉસ

જીવકો ભગવાનસે દેશનાલબ્ધિ હોવે તો સમ્યગ્દર્શન પ્રગટ હોનેમેં ભગવાનકો નિમિત્ત કહનેમેં આતા હૈ. ઉપાદાન તો અપના, અપને પુરુષાર્થસે સમજ હોતી હૈ વો કુછ સમજ કર નહીં દેતે, ફિર ભી વે નિમિત્ત બનતે હૈં. ભગવાનકી વાણી સુને તબ અપની આત્મા સમજમેં આતી હૈ ઔર ભગવાનકી આત્માકો સમજે તબ અપની આત્માકો સમજે, ઐસા નિમિત્ત-ઉપાદાનકા સંબંધ હૈ. રાગ દ્રવ્યદૃષ્ટિમેં નહીં હૈ પર પર્યાયમેં રાગ હોતા હૈ, પ્રશસ્ત રાગ આતા હૈ. ઈસ લિયે દ્રવ્યદૃષ્ટિ ઔર પર્યાયકા જ્ઞાન સાથમેં રખકે વિચાર કરના ચાહિએ.

❀ *શ્રોતા :—જ્ઞાનીને સ્થિરતામાં વૃદ્ધિ પ્રયત્ન વિના થાય છે કે જુદો પુરુષાર્થ કરવો પડે છે?*

પૂજ્ય બહેનશ્રી :—સ્થિરતા પોતાની મેળાએ વધે નહીં, પોતે લીનતા કરવાનો પ્રયત્ન અંદર કરે છે તો થાય છે. પોતે કાંઈ કરે જ નહિ ને સ્વયં લીનતા થઈ જાય તેમ થતું નથી. જ્ઞાયકની દૃષ્ટિ–તેના બળથી લીનતા થાય છે. જ્ઞાનીનો ઉપયોગ વારે વારે બહાર જાય છે, છતાં તે મર્યાદામાં રહીને બહાર જાય છે. સ્વરૂપ તરફ પોતાના ઉપયોગની દોરીને ખેંચી રાખે છે અને તેથી ઉપયોગને વધારે બહાર જવા દેતો જ નથી. હું જ્ઞાયક છું, આ હું નથી–આ હું નથી એમ વારંવાર જ્ઞાયકના જોરમાં પોતે પુરુષાર્થ કર્યા જ કરે છે. તેને વિકલ્પથી પુરુષાર્થ નથી કરવો પડતો, સહજ કરે છે. તથા તેમાં હઠ પણ કરવી પડતી નથી અર્થાત્ પુરુષાર્થ ન થતો હોય અને વારેવારે હઠથી તેને કરવો પડે એમ નથી. તેને પરાણે-પરાણે કરવું પડે એમ હોતું નથી. પરંતુ પોતે જ્ઞાયકને ઓળખ્યો છે એટલે સહજ તે તરફનો પુરુષાર્થ કરે છે. જે પોતાનો સ્વભાવ હોય તે જેમ સહજ હોય છે, તેમ પુરુષાર્થ પણ સહજ થાય છે.

*શ્રોતા :—'હું જ્ઞાનસ્વરૂપ છું' તેમ ખ્યાલમાં રહ્યા જ કરે?*

પૂજ્ય બહેનશ્રી :—'હું જ્ઞાનસ્વરૂપ છું' તેમ પોતાને રહ્યા જ કરે. રાગ તરફ તેની રુચિ નથી. તેથી ત્યાંથી છૂટતો જાય છે અને પોતા તરફ વળતો જાય છે. આ રીતે પુરુષાર્થ સહજ થાય છે, હઠથી કે પરાણે–પરાણે થતો નથી. તેને આત્માની રુચિ છે, માટે રુચિ અને પુરુષાર્થ આનંદથી કરે છે. સહજ થાય છે.

*શ્રોતા :—આપે 'આનંદ' શબ્દ સારો કહ્યો, 'સહજ'નો અર્થ આનંદથી થાય છે.*

પૂજ્ય બહેનશ્રી :—પુરુષાર્થ આનંદથી કરે છે, હઠથી નહિ. આ હઠ એટલે

ખેદપૂર્વક કરે છે એમ નહિ, પણ રુચિપૂર્વક આનંદથી કરે છે, તેમ અર્થ છે. તેને પુરુષાર્થ કરવામાં રસ આવે છે તેમ જ પોતાનું સ્વરૂપ છે એટલે સહજ તે તરફ પોતે આનંદ અને રુચિથી જાય છે.

*શ્રોતા :—શું રુચિપૂર્વક ને રસપૂર્વક સહજ પુરુષાર્થ છે?*

પૂજ્ય બહેનશ્રી:—બહારના દૃષ્ટાંતમાં, જેમ ભગવાનનાં–ગુરુનાં દર્શનનો પોતાને રસ લાગ્યો હોય તો ભગવાનનાં કે ગુરુનાં દર્શન કરવા આનંદથી જાય છે, હઠથી જતો નથી, તેમ જ્ઞાયકનો પ્રેમ લાગ્યો તે આનંદથી તે તરફ જાય છે, હઠથી નહીં પણ સહજ જાય છે કેમકે અંદર રસ અને રુચિ છે.

જેમ પાણી પાણીને ખેંચતું પાણી તરફ જાય છે તેમ જ્ઞાયક જ્ઞાયકને ખેંચતો જ્ઞાયક તરફ જાય છે અને તે તેનું સહજ છે. જ્ઞાયક જ્ઞાયકની દોરી પોતા તરફ ખેંચે છે. ત્યાં હઠ કે ખેદ નથી, આનંદ છે. પોતાનો સ્વભાવ પોતાને અનુકૂળ હોય, પ્રતિકૂળ ન હોય, તેથી તે સહજ છે. અંદર જવાનું ગમે છે, બહાર જવું ગમતું જ નથી તથા અંદર જાય તો પોતાને સંતોષ અને શાંતિ થાય છે. માટે તે કાર્ય હોંશથી કરે છે, તે બોજારૂપ લાગતું નથી.

*❀ શ્રોતા :—આત્માકી પહિચાન મહિમાપૂર્વક હોતી હૈ ક્યા?*

પૂજ્ય બહેનશ્રી :—આત્માકી પહિચાન મહિમાપૂર્વક હોતી હૈ. શુષ્ક વિચાર કરે તો વહ છૂટ જાતા હૈ. આત્મા જ્ઞાનસ્વરૂપ હૈ ઐસા બોલ દિયા, લેકિન ઉસકો ગ્રહણ નહીં કિયા તો ઐસે પહિચાન નહીં હોતી. ઈસકી મહિમા આની ચાહિયે. અનંત ગુણસે ભરપૂર, આશ્ચર્યકારી, આનંદકારી, મહિમાવંત આત્મા હૈ ઐસા વિચાર કર ભીતરમેં જાવે તબ ભેદજ્ઞાન હોવે. અનંત ગુણસે ભરપૂર ચૈતન્ય–ચમત્કારમય ચૈતન્યદેવ મૈં હૂં, દિવ્યતાસે ભરપૂર મૈં હૂં, ઐસી ચૈતન્યકી અંદરસે અદ્‌ભુતતા લગની ચાહિયે. ફિર આત્માકો ગ્રહણ કરેં તો ગહરાઈ આતી હૈ. આત્માકી મહિમા ન લગે ઔર બાહરસે જ્ઞાનસ્વરૂપ... જ્ઞાનસ્વરૂપ...ઐસા કરને લગે અર્થાત્ ઉપર–ઉપરસે જ્ઞાનસ્વરૂપ... જ્ઞાનસ્વરૂપ કરે તબ કુછ નહીં હોતા. ઈસકી મહિમા આની ચાહિયે. મૈં જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ કોઈ અદ્‌ભુત આત્મા હૂં ઐસી મહિમા આવે તો ભીતરમેં ચલા જાતા હૈ.

*શ્રોતા :—આત્માકી મહિમા કૈસે આવે?*

પૂજ્ય બહેનશ્રી:—મહિમા અર્થાત્ આત્માકી અદ્ભુતતા લગની ચાહિયે, આશ્ચર્ય લગના ચાહિયે કિ યહ કોઈ અદ્ભુત તત્ત્વ હૈ. મેરી આત્મા કોઈ સામાન્ય નહીં હૈ, સિદ્ધભગવાન જૈસી હૈ. ઔર સબ લોક ઊપર તીરતા હૈ ઐસા મૈં અદ્ભુત હૂં. જહાં રુચિ લગે, ઉપયોગ વહાં હી લગે. ભગવાનકી જિસકો મહિમા હોતી હૈ કિ ભગવાન વીતરાગ સ્વરૂપ હૈ ઉસકો મંદિરમેં ભગવાનકા દર્શન કરતે સમય ભગવાનકી પ્રતિમાકો દેખકર આશ્ચર્ય લગતા હૈ કિ કૈસા ભગવાન! ઠીક વૈસે હી ચૈતન્યભગવાનકા આશ્ચર્ય લગના ચાહિયે કિ વીતરાગ આત્મા ઐસી હી હૈ ફિર વહ છૂટે નહિ. આત્માકી મહિમા લગે તો ઉસકો દેખનેકે લિયે ઉપયોગ બાર બાર વહાં હી જાય, લેકિન મહિમા ન લગે તો મૈં જ્ઞાનસ્વરૂપ હૂં ઐસા છૂટ જાતા હૈ.

ભગવાનકી મહિમા લગે તો મંદિરમેં પ્રતિમાજીકો દેખકર શાંતિ હોતી હૈ કિ ભગવાન કૈસા વીતરાગ હૈ! ઐસે આત્મભગવાનકી મહિમા લગની ચાહિયે. પ્રતિમાજી ઐસી હૈ તો સાક્ષાત્ ભગવાન કૈસા હોગા!! ઐસે સાક્ષાત્ ભગવાનકી મહિમા આવે વૈસે આત્મભગવાનકી મહિમા આની ચાહિયે. ઔર ચિત્ત વહાં હી લગે તો દૂસરી કહીં ભી જગહ લગે નહીં.

*શ્રોતા :—સ્વયં મહિમાવાન પદાર્થ હોતે હુએ ભી સ્વયંકી મહિમા ક્યોં નહીં આતી?*

પૂજ્ય બહેનશ્રી:—બાહરકી મહિમા હૈ, બાહરમેં રુક રહા હૈ ઇસલિયે સ્વયંકી મહિમા નહીં આતી. બાહરકે પદાર્થોમેં રુક જાતા હૈ, ઉનકી મહિમા લગતી હૈ, બાહર દેખનેમેં આશ્ચર્ય લગતા હૈ, યહ દેખૂં–યહ દેખૂં ઐસે સબ બાહર દેખનેમેં રુક જાતા હૈ ઔર ભીતરમેં ચૈતન્યભગવાન આત્મા દેખનેમેં નહીં આતી હૈ ઇસલિયે વિશ્વાસ નહીં આતા ઇસ વજહસે મહિમા નહીં આતી. ઔર બાહરમેં વિશ્વાસ આતા હૈ, ઇસલિયે બાહરમેં સબ મહિમાવંત લગતા હૈ.

બાહરમેં કોઈ સામાન્ય બાત હો તો ભી કુતૂહલ કરકે દેખનેકો જાતા હૈ, લેકિન ભીતર આત્માકા આશ્ચર્ય કરકે–કુતૂહલ કરકે–દેખનેકો ભી નહીં જાતે. શાસ્ત્રમેં આતા હૈ કિ તૂ એકબાર કુતૂહલ કરકે દેખ તો સહી! કિ અંદર કૈસી આત્મા બિરાજમાન હૈ!

❀ *શ્રોતા :—સંસ્કારની વાત ઘણી આવે છે, તો ઊંડા સંસ્કાર કઈ રીતે નાખવા?*

પૂજ્ય બહેનશ્રી :—જ્ઞાયકનો વારંવાર અભ્યાસ કર્યા કરવો. ગુરુદેવે જે માર્ગ બતાવ્યો છે તેનું ચિંતવન, તેની મહિમા, તેની લગની, સત્સંગ, શ્રવણ-મનન આદિ વારંવાર કરવા. છાશને વલોવતાં-વલોવતાં માખણ બહાર આવે છે તેમ વારંવાર જ્ઞાયકનું મંથન કર્યા કરવું. ગુરુદેવે બતાવ્યું છે તે પ્રમાણે પુરુષાર્થ વારંવાર કરવો. હું ચૈતન્ય જુદો છું, આ વિભાવ જુદાં છે એમ ભેદજ્ઞાન માટે તૈયારી પોતાને કરવાની છે. બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુનું સાન્નિધ્ય મળે, તેમનો સત્સંગ થાય, શ્રવણ-મનન થાય તે બધું વારંવાર કર્યા કરવું. વારંવાર તેના (જ્ઞાયકના) સંસ્કાર દૃઢ કરવા. રુચિ વારંવાર તીવ્ર થાય તેમ કર્યા કરવું.

❀ *શ્રોતા :—પરિણતિનો પલટો કરવા માટે પુરુષાર્થ કેવો કરવો? વાંચન કરવું? વિચાર કરવા?*

પૂજ્ય બહેનશ્રી :—એક ચૈતન્ય તરફની દૃષ્ટિ પ્રગટ કરવા માટે વાંચન-વિચાર કરવા. અંતરની દિશા પલટાવવાનો હેતુ હોવો જોઈએ. પરિણતિ તદ્‌ગતરૂપે–તે રૂપે–તદાકાર ન થાય ત્યાં સુધી વાંચન-વિચાર બધું આવે છે. વિચારમાં ટકે નહિ તો વાંચન કરે અથવા વાંચનમાંથી વિચાર કરે, જ્યાં પરિણતિ સ્થિર થાય તે કર્યા કરે. પણ કરવાનું એક જ છે–દૃષ્ટિ પલટાવવાની છે, અંદરની દિશા પલટાવવાની છે. તે ન થાય ત્યાં સુધી તેની પાછળ પડી જવું.

❀ *શ્રોતા :—વિભાવને અને વર્તમાન પર્યાયને ગૌણ કરી સ્વભાવનું આલંબન કરવાનું કહેવામાં આવે છે; પણ સ્વભાવ તો દેખાતો નથી? વર્તમાન વિકાર જ દેખાય છે?*

પૂજ્ય બહેનશ્રી :—જે નથી દેખાતું તેને જોવાનો પ્રયત્ન કરવો અર્થાત્ જે અદૃશ્ય છે તેને દૃશ્યમાન કરવું અને જે દેખાય છે તેને ગૌણ કરવું. સ્વભાવ અદૃશ્ય લાગે છે પણ તે દેખાય એવો છે. તેને પોતે જોતો નથી તેથી તે અદૃશ્ય એટલે કે ગુપ્ત થઈ ગયો છે એમ નથી; તે દેખાય, લક્ષમાં આવે, તેનાં દર્શન થાય તેમ જ જ્ઞાનમાં આવે તેમ છે. માટે તેને દૃશ્યમાન કરવાનો પ્રયત્ન કરવો. બધાને જ્ઞાનસ્વભાવ તો જણાઈ રહ્યો છે. તે જ્ઞાનના લક્ષણ દ્વારા–ગુણ દ્વારા–ગુણીને ઓળખી લેવો. ગુણ-ગુણીના ભેદ પડે પણ તે એક જ વસ્તુ છે, જુદી નથી. શાસ્ત્રમાં આવે છે કે લક્ષણથી

લક્ષ્યને ઓળખી લેવું, ઓળખવાનો પ્રયત્ન કરવો. લક્ષ્યને-જ્ઞાનસ્વભાવને ઓળખવાથી, તેમાં દૃષ્ટિ કરવાથી તથા તેમાં તન્મયતા થવાથી, શાંતિ અને સુખ મળે છે. તેમાંથી જ અપાર અને અગાધ જ્ઞાન પ્રગટે છે. અપૂર્વ વીતરાગી દશા ને આનંદ તેને ગ્રહણ કરવાથી પ્રગટે છે. આ અનાદિકાળના બધા વિભાવ તો આકુળતારૂપ અને દુઃખરૂપ છે. તેને ટાળવા નિરાળા તત્ત્વને ગ્રહણ કરવું.

*❀ શ્રોતા :—રાગી જીવ ભેદનું લક્ષ કરે તો રાગ ઉત્પન્ન થાય છે. તો સામર્થ્યનો આશ્રય લેતાં સમ્યગ્દર્શન કેવી રીતે થાય? કેમ કે સામર્થ્ય પણ એક અંશ છે ને?*

પૂજ્ય બહેનશ્રી :—સામર્થ્યમાં એક અંશ ન લેવો, પરંતુ અનંત શક્તિથી ભરેલો આત્મા લેવો અને તેમાં પણ અખંડ દ્રવ્યનો આશ્રય લેવાનો છે, એક ગુણનો આશ્રય લેવો એમ નહિ. તે અખંડ દ્રવ્ય કેવું છે? કે અનંત શક્તિથી–અનંત સામર્થ્યથી ભરેલું છે. તે દ્રવ્યનો આશ્રય લેવાથી શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે; જ્યારે વિભાવના આશ્રયે કે પર્યાય અને ગુણભેદ ઉપર દૃષ્ટિ મૂકવાથી તો રાગ થાય છે. માટે અંદર એક આખા દ્રવ્યનો આશ્રય લેવો.

*શ્રોતા :—ધ્રૌવ્યને અંશ કહેવામાં આવે છે ને? તે તો વિભાગ થયો, તો આખી વસ્તુ કેવી રીતે છે?*

પૂજ્ય બહેનશ્રી :—ધ્રૌવ્ય તે આખી વસ્તુ છે. કોઈ અપેક્ષાએ તેને અંશ તરીકે પણ લેવાય છે; છતાં તે અંશ અને આ પર્યાયના અંશમાં ફેર છે. ઉત્પાદ-વ્યય એ પલટતો અંશ છે અને આ તો શાશ્વત ધ્રુવ અંશ છે કે જે સ્થિર છે, પૂર્ણ છે. ઉત્પાદ-વ્યય પલટતા અંશો હોવાથી જ્ઞાનમાં ગૌણ થાય છે, જ્યારે શાશ્વત ધ્રૌવ્યને ગ્રહણ કર્યો તેમાં આખું અસ્તિત્વ આવી જાય છે. જે પલટે છે તે જ્ઞાનમાં આવે છે પણ પલટે છે તેનો આશ્રય લેવામાં આવતો નથી. જે શાશ્વત છે તેનો જ આશ્રય લેવાય છે. બીજી ક્ષણે જે પલટી જાય છે, તે પલટતાનો આશ્રય લેવાતો નથી.

ધ્રુવમાં આખું સામર્થ્ય છે. ઉત્પાદ-વ્યય પલટે છે તે પણ દ્રવ્યનું સ્વરૂપ છે; પરંતુ તે પલટ્યા કરે છે તેથી તેનો-પલટનારનો-આશ્રય લેવાય નહિ, શાશ્વત ધ્રુવનો જ આશ્રય લેવાય. શાશ્વત ધ્રુવ છે તે અનંતગુણથી–અનંત શક્તિઓથી–ભરેલો છે શાશ્વત ધ્રુવ છે તે ખાલી એકલું નથી. અનંતગુણ-શક્તિથી ભરેલો ધ્રુવ છે. અને તેને લક્ષમાં લીધો એટલે બીજું કાંઈ બાકી રહી જતું નથી. તેના આશ્રયમાં બધું આવી જાય છે. પર્યાય કાંઈ

આશ્રય લેવા યોગ્ય નથી, તેનું વેદન થાય છે. દ્રવ્યના આશ્રયમાં પર્યાય આવતી જ નથી, જે શાશ્વત ધ્રુવ છે તે જ આશ્રયમાં આવે છે અને શાશ્વત ધ્રુવ આશ્રયમાં આવ્યું તેમાં બધું આવી જાય છે કાંઈ બાકી રહેતું નથી. શાશ્વત છે તેનો આશ્રય લેવાથી રાગ નથી થતો, ઊલટો રાગ છૂટે છે.

❀ *શ્રોતા :—રુચિ કેમ થાય?*

પૂજ્ય બહેનશ્રી :—રુચિ પોતાથી થાય છે, કોઈ કરી દેતું નથી. રુચિ પોતાને અંદરથી લાગવી જોઈએ. ગુરુદેવે આવી વાણી વરસાવી, હવે રુચિ કરવી તે પોતાના હાથની વાત છે. ગુરુદેવે કહ્યું, આત્મા કોઈ અપૂર્વ-અનુપમ છે. આત્મામાં બધું છે તે અમુક વિચાર કરીને નક્કી કરી રુચિ જગાડવી. રુચિ અનુયાયી વીર્ય. પોતાના આત્માના જ પ્રયોજનવાળી સાચી રુચિ હોય તો જ્ઞાન તેમાં સાચું કામ કરે છે. રુચિ એવી લાગે કે ક્યાંય રોકાય નહિ એવી તીક્ષ્ણ રુચિ હોવી જોઈએ.

આવે છે ને? કે "હું તો હાલું-ચાલું ને પ્રભુ સાંભરે રે" તેના જેવી આત્માની રુચિ થવી જોઈએ કે જ્યાં જોઉં ત્યાં મને આત્મા જ સાંભરે, હાલું-ચાલું તો આત્મા જ સાંભરે. મારો આત્મા કેમ પ્રગટ થાય? એમ મને બધાં કાર્યોમાં આત્મા સાંભરે. 'હું તો ભોજન કરું ને પ્રભુ સાંભરે રે' તેમ મને દરેક સમયે આત્મા સાંભરે, 'દાતણ કરું ને પ્રભુ સાંભરે રે' એવી આત્માની રુચિ અને લગની લાગે તો અંદરથી આત્મા પ્રગટ થવાનો અવકાશ આવે.

આત્માની રુચિ એવી લાગવી જોઈએ કે ક્યાંય રસ લાગે નહિ ને બધેથી રસ તૂટી જાય. 'હું નીંદર કરું ને પ્રભુ સાંભરે રે' એમ હું નીંદર કરું ને મને આત્મા સાંભરે. તેવી રીતે દરેક કાર્યમાં મને આત્મા સાંભરે. આત્મા કેમ પ્રગટ થાય? તેવી અંદરથી લગની લાગે તો આત્મા અંદરથી પ્રગટ થાય; પણ તેને ક્ષણે ક્ષણે એવી રુચિ અને લગની જોઈએ.

❀ *શ્રોતા :—શું આત્માને ઓળખ્યા વિના રાગ-દ્વેષ છૂટે નહિ?*

પૂજ્ય બહેનશ્રી :—પહેલાં સ્વભાવની પ્રતીતિ કરે તો રાગ-દ્વેષ ભિન્ન પડે, તે પહેલાં ભિન્ન વાસ્તવિકપણે કેવી રીતે પડે? બાહ્ય વૈરાગ્યપૂર્વક તેને મોળા પાડે કે આ સારા નથી, આ રાગ-દ્વેષ કરવા જેવા નથી પણ તે રીતે વાસ્તવિક ભિન્ન પડતા નથી. સ્વભાવને ઓળખે તો જ રાગ-દ્વેષ ભિન્ન પડે છે.

જે પાત્ર આત્માર્થી હોય–જેને આત્માનું પ્રયોજન હોય–તેને વધારે પડતા અર્થાત્ પોતાને શોભે નહિ તેવા કષાયો ન હોય પણ કષાયની ઉપશાંતતા અને વૈરાગ્ય એ બધું હોય. મારે આત્માનું જ કરવું છે. આ રાગ-દ્વેષ કાંઈ રાખવા જેવા નથી એમ આત્માનું પ્રયોજન સાધવા માટે વૈરાગ્ય કરે તો રાગ-દ્વેષ મોળા પડે પણ ભેદજ્ઞાન કર્યા વગર તે ભિન્ન પડતા નથી.

પહેલાં પાકી શ્રદ્ધા (નિર્ણય) કરે કે હું જ્ઞાયક-જાણનારો જ છું. શુભાશુભ ભાવ મારું સ્વરૂપ નથી. શરીર જુદું અને આત્મા જુદો છે. આ શરીર કાંઈ જાણતું નથી. હું અંદરમાં એક જાણનારું તત્ત્વ અનાદિ-અનંત શાશ્વત છું. આ રીતે તે જાણનાર તત્ત્વનો નિર્ણય બરાબર કરવો જોઈએ. જોકે તેને અશુભથી બચવા વચ્ચે દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા આવે, તોપણ મને એક આત્મા કેમ ઓળખાય? તે પ્રયોજન તેનું હોવું જોઈએ. પ્રથમ આત્માની મહિમા આવવી જોઈએ કે આ બધું બહારનું સારભૂત વસ્તુ નથી, સારભૂત તો એક આત્મા જ છે—એમ મહિમા–નિર્ણય અંતરમાંથી થવો જોઈએ. પહેલાં એકદમ લીનતા ન થાય, પહેલાં શ્રદ્ધા થાય ને પછી લીનતા થાય તો રાગ-દ્વેષ છૂટે.

*❀ શ્રોતા :—ભાવકર્મનો નિરોધ કેવી રીતે થાય?*

પૂજ્ય બહેનશ્રી :—મૂળ ભાવકર્મ જ કર્મ છે. દ્રવ્યકર્મ, ભાવકર્મને લઈને બંધાયા કરે છે. જો ભાવકર્મનો નિરોધ થાય તો દ્રવ્યકર્મનો નિરોધ થાય જ છે. અનાદિકાળથી તે બધાં કર્મનો ત્યાગ કરવા પ્રયત્ન કરે છે પણ કર્મનો નાશ કરવાનો જે સાચો ઉપાય છે તેને ગ્રહણ કરતો નથી. તું બહારથી બધું કર્યા કર તેનાથી કાંઈ કર્મનો નાશ થતો નથી, ઊલટાનું કર્મ બંધાયા કરે છે. તું શુભભાવો કર્યા કરે છે પણ તે શુભભાવથી કર્મનો નાશ ન થાય, પુણ્ય બંધાય અર્થાત્ દ્રવ્યકર્મ તો એમ ને એમ બંધાયા જ કરે. જ્યાં સુધી ભાવકર્મનો નાશ થતો નથી, ત્યાં સુધી દ્રવ્યકર્મનો નાશ થતો જ નથી.

શાસ્ત્રમાં આવે છે ને? કે અજ્ઞાની જે કર્મ લાખ-ક્રોડ ભવે ખપાવે છે તે કર્મ જ્ઞાની એક ઉચ્છ્વાસ માત્રમાં ક્ષય કરે છે. અજ્ઞાની અશુભમાંથી શુભભાવમાં ઊભો રહે છે પણ એથી તો ભાવકર્મ એમ ને એમ ઊભા રહે છે અને ભાવકર્મ ઊભા રહે છે એટલે દ્રવ્યકર્મનો નાશ થતો નથી, ખરી રીતે તેને નિર્જરા થતી નથી. અશુભ

ભાવની નિર્જરા થાય તે વાસ્તવિક નિર્જરા નથી. માત્ર શુભભાવ કરવાથી કર્મનો આસ્રવ રોકાતો નથી.

અંદર ભાવકર્મનો નિરોધ કેવી રીતે થાય તેના ઉપાય માટે પરમ ગુરુનો (સત્ પુરુષનો) આશ્રય લેવો. સકળ મોહ-રાગ-દ્વેષનો ક્ષય કરવો હોય તો પરમ ગુરુનો આશ્રય લેવો. પરમ ગુરુ તને માર્ગ બતાવશે કે ભાવકર્મનો નિરોધ કેમ થાય? અંદરમાં તું ચૈતન્યદેવને ગ્રહણ કર અને જે આ ભાવકર્મનો ઉદ્‌ભવ થાય છે તેનાથી તું જુદો પડ. જે આ ભાવકર્મ–વિભાવભાવો થાય છે તે મારું સ્વરૂપ નથી, હું તેનાથી જુદો જ્ઞાયક છું–એવા જ્ઞાયકદેવને ગ્રહણ કર તો ભાવકર્મનો નિરોધ થશે. તું ચૈતન્યની પરિણતિ–ચૈતન્યનું કાર્ય પ્રગટ કર, તો ભાવકર્મની ક્રિયા તારાથી જુદી પડશે. ભાવકર્મથી ભેદજ્ઞાન કર કે હું જુદો છું. ચૈતન્યના કર્તા-કર્મ-ક્રિયા બધું મારામાં છે, ભાવકર્મ મારું સ્વરૂપ નથી. આ રીતે તેનાથી જુદો પડ. ભાવકર્મનો નિરોધ ક્યારે થાય? કે જ્યારે ચૈતન્યની પરિણતિ પ્રગટ કરે ત્યારે. જ્ઞાયકદેવની જો જ્ઞાયકરૂપે પરિણતિ થાય અને ભાવકર્મ મારું સ્વરૂપ નથી એમ તેનાથી જુદો પડે તો અનંતાનુબંધીનાં જે ભાવકર્મ થાય છે તે બધાં તૂટી જશે ને એ જાતનાં દ્રવ્યકર્મ પણ તૂટી જશે. પછી અલ્પ અસ્થિરતાનાં ભાવકર્મ રહેશે તે પણ ધીરે-ધીરે તૂટી જશે. માટે તું ભાવકર્મથી જુદો પડ કે હું જુદો છું એટલે કે ભાવકર્મથી તું ભેદજ્ઞાન કર, તેનાથી જુદો પડ. જેનાથી તું એકમેક થઈ ગયો છે તેનાથી છૂટો પડી જા, છૂટો પડીશ તો તે તૂટશે. ભાવકર્મનો નિરોધ થતાં, ભાવકર્મના નિમિત્તથી જે દ્રવ્યકર્મ બંધાતા હતા તે બંધાતા જ નથી. માટે ભાવકર્મ કેમ છૂટે તેનો પુરુષાર્થ કર. જ્ઞાયકની જ્ઞાયકરૂપે પરિણતિ કર અને ભાવકર્મ સાથે તારી એકમેક ગાંઠ બંધાઈ ગઈ છે તે ગાંઠને છૂટી પાડી દે તો તે ઢીલા પડી જશે. તે ઢીલા પડવાથી અમુક જાતનાં ભાવકર્મ તો આવશે જ નહિ. પછી જે કોઈ થોડા રહેશે તે પણ છૂટી જશે. માટે તું ચૈતન્યદેવને અંદર પ્રગટ કર. ભાવકર્મ તોડવાનો ઉપાય એક જ્ઞાયકદેવ છે. જ્ઞાયકદેવ જાગ્યા તો ભાવકર્મ તૂટી ગયા. જ્ઞાયકદેવ સર્વ રીતે બળવાન છે. જ્ઞાયકદેવ જો જાગૃત થાય તો ભાવકર્મ તૂટી જાય. માટે જ્ઞાયકદેવને અંતરથી પ્રગટ કરતાં બધા મોહ-રાગ-દ્વેષ તૂટી જશે.

## વૈભવશાળી ભગવાન આત્માના લક્ષે પ્રગટ થતો

# આત્મવૈભવ

## પ્રભુત્વશક્તિ

(ગતાંકથી ચાલુ)

( अखंडितप्रतापस्वातंत्र्यशालित्वलक्षणा प्रभुत्वशक्तिः I)

ભાઈ! પ્રભુત્વશક્તિવાળા તારા સ્વભાવને લક્ષમાં લે તો તેમાં અજ્ઞાન કે કર્મ છે જ નહિ એટલે તે નડે એ વાત રહેતી નથી. તારા સ્વભાવને લક્ષમાં લઈને પર્યાયમાં જે પ્રભુતા પ્રગટી તેની શોભા સ્વતંત્ર છે, તેને કોઈ પરાધીન કરે નહિ, તેના પ્રતાપને કોઈ તોડે નહિ.

જેમ સૂર્યને કોઈએ ફરિયાદ કરી કે અંધારું બહુ હેરાન કરે છે. ત્યારે સૂર્યે કહ્યું કે એ અંધારાને મારી પાસે લાવજે એટલે એનો ફેંસલો કરું! પણ સૂર્ય પાસે તે કાંઈ અંધારું આવતું હશે? તેમ અજ્ઞાની પર્યાયદૃષ્ટિથી કહે છે કે વિકાર છે ને પરાધીનતા છે; પણ જ્ઞાની કહે છે કે ભાઈ! તું તારા ચૈતન્યસૂર્ય પાસે જા તો ત્યાં વિકાર કે પરાધીનતારૂપી અંધારા રહે જ નહિ એટલે કે સ્વભાવસન્મુખ જતાં પર્યાયમાં જ્ઞાનપ્રકાશ ખીલે ને વિકાર ટળી જાય. ખરેખર તો ત્યાં તે સમયે વિકાર છે જ નહિ એટલે તેને ટાળવાનું પણ નથી રહેતું. પોતાની અસ્તિમાં રહેલા અનંતગુણની નિર્મળતાનું જ વેદન છે.

સ્વસંવેદનથી આવા આત્માને અનુભવમાં લેતાં આત્મા પોતે સ્વતંત્ર કર્તા થઈને પ્રભુતારૂપે પરિણમે છે, તેમાં રાગાદિનો અભાવ છે. કર્મનો અત્યંત અભાવ છે. એ જ પ્રમાણે પ્રભુતાના છએ કારકોરૂપે આત્મા સ્વયં થાય છે ને તેમાં પરનો-વ્યવહારનો અભાવ છે.

અરે, આવી તારી પ્રભુતા! એને ચૂકીને તું વિષયોમાં મોહ્યો? તારી સ્વાધીનતાને ચૂકીને નિમિત્તની પરાધીનતામાં તું મોહ્યો? છ ખંડની વિભૂતિને ક્ષણમાં છોડવાની તાકાતવાળો તું, ને મારે પર વગર ચાલે એમ માનીને તું પરમાં મોહી રહ્યો છે! બાપુ! આ સંતો તારી પ્રભુતા દેખાડે છે તેને અંતરમાં જો, એટલે તારી દીનતા મટી જશે.

તારા જ્ઞાનની ને અનંતગુણની પ્રભુતાને રોકે એવી તાકાત જગતમાં કોઈમાં નથી. તારો જ્ઞાનધર્મ કે તારી કોઈ શક્તિ પરને આધીન જરાય નથી. તારી નિજસંપદાને તું ભૂલ્યો તેથી તારી દશા હણાણી અને તું કર્મને આધીન કહેવાયો પણ નિજસંપદાને ઓળખીને તું તારી પ્રભુતા પ્રગટ કર તો તું સ્વતંત્ર છો.

જેમ લોકાગ્રે સિદ્ધાલયમાં સિદ્ધભગવંતો પોતાની પ્રભુતામાં સ્વાધીનપણે બિરાજી રહ્યા છે, કાંઈ ધર્માસ્તિકાયના અભાવને લીધે પરાધીનપણે તેમને ત્યાં રોકાઈ જવું પડ્યું એવી પરતંત્રતા નથી; તેમ દરેક આત્મામાં પોતાની સ્વાધીન પ્રભુતા ભરેલી છે તેને આ પ્રભુત્વશક્તિ દ્વારા આચાર્યદેવે પ્રસિદ્ધ કરી છે.

આત્માની પ્રભુતા એવી અચિંત્ય કે વિકલ્પ જેને તોડી ન શકે; જેમ સૂર્યમાં અંધકારનો પ્રવેશ નથી તેમ સ્વભાવ–સૂર્યમાં વિકલ્પનો પ્રવેશ જ નથી. એ સ્વભાવસૂર્યની પાસે જતાં મન તો પહેલાં મરી જાય છે, ત્યાં જડ-કર્મની શી વાત? પણ એ સ્વભાવમાં જવા માટે કોઈ અપૂર્વ પુરુષાર્થ હોય છે. જેમ રણે ચડેલો રાજપૂત છૂપે નહિ તેમ સ્વભાવના પુરુષાર્થની સરાણે ચડેલો આત્માર્થી છૂપે નહિ. ચૈતન્યહીરાને પુરુષાર્થની સરાણે ચડાવતાં તેમાં પ્રભુતાના અનંત પાસા ઝળકી ઊઠે છે, ત્યાં જ્ઞાનમાં રાગ વગરની સર્વજ્ઞતા પ્રગટે છે, શ્રદ્ધામાં ક્ષાયિક સમ્યક્ત્વરૂપ પ્રભુતા પ્રગટે છે,—એમ અનંત ગુણની પ્રભુતાના પ્રતાપને કોઈ રોકી શકે નહિ, તેમાં મલિનતા કરી શકે નહિ.

બહારમાં દેવ-ગુરુના સંયોગ અનંતવાર મળ્યા છતાં કેમ સમ્યગ્દર્શન ન થયું? કે પોતે પોતાની પ્રભુતા પ્રગટ ન કરી માટે; સમ્યગ્દર્શન થવું તે કાંઈ દેવ-ગુરુને આધીન નથી પણ પોતાની પ્રભુતાને આધીન છે. પોતે સ્વસન્મુખ ન જોયું તેથી સમ્યક્ત્વ ન થયું. દર્શનમોહનો ઉદય હતો માટે ન થયું—એ તો નિમિત્તની વાત છે, ઉપચાર છે. ભાઈ! તારી પ્રભુતાને તું પ્રગટ કર! તારી શ્રદ્ધાપર્યાયની પ્રભુતાના એ પ્રતાપને દર્શનમોહ જીરવી શકે–એમ બને નહિ, તારી શ્રદ્ધાના પ્રતાપ પાસે તો દર્શનમોહ ભસ્મ થઈ જાય છે. શ્રદ્ધાપર્યાય પ્રગટે ને દર્શનમોહ ઊભો રહે એમ બને નહિ. તે પર્યાય સ્વતંત્રપણે શોભે છે. દ્રવ્યના મહિમાની જેમ તેની શ્રદ્ધા વગેરે પર્યાયો પણ એની એવી સ્વતંત્રતાથી શોભે છે કે તે રાગાદિ વ્યવહારના અભાવપણે પ્રકાશે છે; સાથે રાગાદિ વ્યવહાર હોય તોપણ તેના વડે તેનો પ્રતાપ ખંડિત થતો નથી. અરે! તારી નિર્મળપર્યાયમાં રાગાદિ વ્યવહારનો અભાવ છે ત્યાં કર્મની તો ક્યાં વાત! આવા અખંડ પ્રભુતાથી તું ભરેલો છો.

આત્માની પ્રભુતા તેના સર્વ ગુણોમાં વ્યાપક છે એટલે સર્વે ગુણો સ્વતંત્ર પ્રભુતાથી શોભે છે. આત્મા આનંદરસથી ભરેલો ભગવાન, તેના આનંદનો રસિયો થઈને અનુભવ કરતાં સ્વસંવેદનમાં જે અતીન્દ્રિય-આનંદ ચોથે-પાંચમે કે છઠ્ઠા વગેરે ગુણસ્થાને ઊછળે, તે આનંદમાં પોતાની પ્રભુતા છે, સ્વતંત્રતા છે. એ આનંદરસની પ્રભુતાના પ્રતાપને કોઈ તોડી શકે નહિ. અહા, આવી પ્રભુતાની પ્રતીત કરીને અનુભવ કરતાં આનંદરસના ઝરણાં ઝરે છે, જેમ પર્વતમાંથી શીતળ પાણીના ઝરણાં ઝરતાં હોય છે (બાહુબલીની યાત્રાએ ગયા ત્યારે રસ્તામાં ઘણે ઠેકાણે એવા ઝરણાં આવતા હતા), તેમ મોક્ષના યાત્રિકને ચૈતન્યશક્તિના મોટા પર્વતમાંથી સ્વાનુભવના આનંદરૂપી પરમ શીતળ ઝરણાં ઝરે છે. પણ દૃષ્ટિ અંદર કરે તેને તે પ્રગટે. ભાઈ! તારો આત્મા પણ આવા સ્વાધીન આનંદના સમુદ્રથી ભરેલો છે, તારી દૃષ્ટિના દોષથી તને તે આનંદ દેખાતો નથી. માત્ર દૃષ્ટિ બદલાવ એટલી વાર છે! ચૈતન્ય બાદશાહને દૃષ્ટિમાં લઈને ધર્મી સ્વતંત્રપણે આત્માના આનંદનો સ્વાદ લ્યે છે, એ અતીન્દ્રિય-આનંદ જગતમાં બીજે ક્યાંય નથી. સમ્યગ્દર્શન પછી પણ બાહ્યવૃત્તિ આવે પણ તે બાહ્ય વિષયોના સંગના આકુળસ્વાદનો આત્માના આનંદના અનાકુળ સ્વાદમાં અભાવ છે-એમ ધર્મી જાણે છે; બીજી રીતે કહીએ તો ધર્મીને જે નિશ્ચય-પરિણતિ પ્રગટી તેમાં વ્યવહારનો અભાવ છે. આવી પરિણતિવાળા આત્માને સાચો આત્મા (શુદ્ધ આત્મા) કહેવામાં આવે છે.

ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે જાણેલો ને કહેલો આત્મા વીતરાગી સંતો નિજ વૈભવથી બતાવે છે. હે જીવ! અનંત ગુણનો તારો નિજવૈભવ તારા અસંખ્ય પ્રદેશણાં ભરેલો છે, તેને ખોલવાની આ વાત છે. અહા! શ્રદ્ધાના બળે જ્યાં શ્રદ્ધાની-જ્ઞાનની-આનંદની પ્રભુતા ખીલીને પરિણમનમાં આવી ત્યાં તેને પરાધીન કરે, રોકે કે મલિન કરે એવી કોઈ ચીજ આ જગતમાં અસ્તિત્વ જ ધરાવતી નથી.

અહા! સત્‌નું આવું સ્વરૂપ જીવે યથાર્થપણે કદી સાંભળ્યું નથી. છે તો આ પોતાનું જ સ્વરૂપ, એટલે સરલ છે, સુગમ છે પણ જીવોને આવા સત્‌નું શ્રવણ મળવું અને તેની જિજ્ઞાસા જાગવી તે બહુ દુર્લભ છે. સંત મળવા દુર્લભ છે ને મળ્યા ત્યારે પોતે ધ્યાન આપ્યું નહિ—તો તેનો શું લાભ? સંતે કહ્યો તેવો સત્‌સ્વભાવ લક્ષમાં લ્યે ત્યારે સંત મળ્યા કહેવાય. અહા! આવો આત્મા, જેની પાસે ઈન્દ્રના ઈન્દ્રાસનના સુખ પણ તૃણવત્ લાગે, તેને દૃષ્ટિમાં લેતાં અનંત ગુણોમાં જે સ્વતંત્રતાનું પરિણમન થાય તેની શોભા અને તેના આનંદની પાસે જ્ઞાનીને દુનિયાના સુખો તુચ્છ લાગે છે.

શ્રોતા :—જો એમ છે તો સમ્યગ્દૃષ્ટિ–તીર્થંકરો (શાંતિનાથ વગેરે) શા માટે પરણ્યા?

પૂજ્ય ગુરુદેવશ્રી :—બાપુ, એટલો રાગનો ભાગ હજી બાકી હતો પણ એમાં સુખ નહોતા માનતા, એને નિજશક્તિનું પરિણમન નહોતા માનતા, ચૈતન્યની પ્રભુતાના પરિણમનમાં તે જ વખતે તે રાગનો અભાવ વર્તતો હતો. ભાઈ! તું રાગને અને સંયોગને જ ન દેખ, માત્ર રાગને કે સંયોગનો જોતાં તને જ્ઞાની નહિ ઓળખાય. રાગથી ને સંયોગથી અત્યંત પાર એવી વસ્તુ જ્ઞાનીની પક્કડમાં (શ્રદ્ધા-જ્ઞાન-અનુભવમાં) આવી ગઈ છે તેને તું ઓળખતાં શીખ તો તને તારામાંય રાગનો ને સંયોગનો અભાવ દેખાશે ને અનંત શક્તિસમ્પન્ન આત્મા નિર્મળપણે તને અનુભવમાં આવશે. આવા અંતરના અનુભવ વડે જ અજ્ઞાનના અંધારા ઉલેચાશે, બાકી કોઈ પાવડા વડે (એટલે કે બાહ્ય ક્રિયાઓ વડે કે રાગ વડે) અજ્ઞાનના અંધારા ઉલેચાય નહિ.

આ શેની વાત છે? આ આત્માના જીવનની કથા છે; આત્માની ધર્મકથા છે. આત્માને ધર્મ કેમ થાય, તેનો વૈભવ કેવો છે ને તેને પરમેશ્વરપદ કેમ પ્રગટે તેની આ વાત છે. પોતાના સ્વરૂપની સાચી કથા પ્રેમપૂર્વક જીવે કદી સાંભળી નથી તેથી શ્રી કુંદકુંદસ્વામી કહે છે કે કામ-ભોગ-બંધનની કથા તો સર્વે જીવોએ અનંતવાર સાંભળી છે, પરિચયમાં લીધી છે ને અનુભવ કર્યો છે તેથી તે તો સર્વે જીવોને સુલભ છે; પરંતુ પરથી ભિન્ન પોતાના એકત્વસ્વરૂપ આત્માની વાત તેણે કદી સાંભળી નથી, પરિચય કર્યો નથી ને અનુભવમાં લીધી નથી તેથી તે દુર્લભ છે. તારું તે એકત્વસ્વરૂપ આત્માના નિજવૈભવથી અમે અહીં દેખાડીએ છીએ તેને તું તારા સ્વાનુભવ વડે જાણજે.

ભગવાન પાસે ગયો ત્યાં તો આવી વાણીનો ધોધ છૂટતો હતો પણ તે વખતે ભગવાન જે વિકલ્પ રહિત ચિદાનંદસ્વભાવ બતાવે છે તે વાત લક્ષમાં લઈને તેનું વેદન કર્યું નહિ ને રાગની–પરાશ્રયભાવની મીઠાશ રાખીને તેનું જ વેદન કર્યું એટલે તે વખતે ય તેણે ખરેખર શુદ્ધાત્માની વાત ન સાંભળી પણ રાગની જ વાત સાંભળી. ખરું શ્રવણ એને કહેવાય કે જેવું શ્રવણ કર્યું તેવું વેદનમાં લ્યે. ભગવાન આત્મા સ્વાનુભવના સરાણ ઉપર ચડીને આનંદના પાસા પાડતો પરિણમ્યો ત્યાં તેના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની પ્રભુતાને રોકી શકે નહિ; અખંડ પ્રતાપવાળી સ્વતંત્રતાથી તે શોભી ઊઠે. આત્માની પ્રભુત્વશક્તિને લીધે તેના બધાય ગુણોમાં પોતપોતાની પ્રભુતા છે. સ્વતંત્ર શાંતિને પ્રગટ કરે એવો આત્માનો સ્વભાવ છે, જે વિકૃતિ છે તેનો ખરેખર આત્માના સ્વભાવમાં અભાવ છે

ને તેના આશ્રયે જે પર્યાય થઈ તેમાં પણ વિકૃતિનો અભાવ છે. આ રીતે દ્રવ્ય-ગુણ તેમ જ નિર્મળ પર્યાય ત્રણેમાં અખંડ પ્રભુતા વ્યાપે છે, વિકારમાં પ્રભુતા નથી એનામાં તો તુચ્છતા છે.

પ્રભુતા નામનો એક ગુણ, તે ગુણનું કાર્ય શું? કે બધા ગુણોને સ્વતંત્રતાથી શોભાવવા તે પ્રભુતા ગુણનું કાર્ય છે. આવી પ્રભુતાવાળા પરમેશ્વરને નજરમાં લેતાં અનંત ગુણની પર્યાયમાં નિર્મળતારૂપ પ્રભુતા પ્રગટે તે પ્રભુત્વગુણનો લાભ છે.

'તરણાં ઓથે ડુંગર રે....ડુંગર કોઈ દેખે નહિ;'—તેમ આ આત્મા અનંત ગુણની મહિમાથી ભરેલો મોટો ચૈતન્ય ડુંગર, તે વિકલ્પરૂપી તરણાંની ઓથે અજ્ઞાનીને દેખાતો નથી. તરણાં જેવો જે રાગ-વિકલ્પ, તેના કર્તૃત્વમાં અટકી ગયેલો જીવ તેની પાછળ આખા ચૈતન્ય-પહાડને દેખતો નથી. જેમ તરણું ભલે નાનું, પણ જો બરાબર આંખમાં જ વચ્ચે આવે તો મોટા પહાડને પણ દેખી શકાય નહિ; તેમ વિકલ્પરૂપી તરણાંને જ્ઞાનચક્ષુ સાથે જે એકમેક કરે છે તે જીવ અંતરમાં અનંતગુણના ચૈતન્યપહાડને દેખી શકતો નથી.

ભાઈ, તું તો ઉપયોગ સ્વરૂપ છો ને! તારા ઉપયોગને અંદરના નિજગુણમાં વાળ તો તારો વેપાર સાચો થાય ને તને નિર્મળતાનો લાભ થાય. નિજગુણની નિર્મળતામાં વર્તવારૂપ વેપાર કરે તે સાચો વેપારી ને સ્વ-વીર્ય વડે નિજગુણની રક્ષા કરે તે સાચો ક્ષત્રિય; જેણે આત્માને જાણીને સ્વગુણની રક્ષા કરી, વિકાર વડે આત્માને હણવા ન દીધો તે દરેક જીવ ક્ષત્રિય છે. વ્યવહારથી પણ તીર્થંકરો તો ક્ષત્રિયકુળમાં જ અવતરે, વાણીયા-બ્રાહ્મણના કુળમાં ન અવતરે એવો કુદરતનો નિયમ છે. પરમાર્થમાં તો વીતરતા વડે રક્ષા કરે તે ક્ષત્રિય ને બ્રહ્મવસ્વરૂપ-આનંદસ્વરૂપ આત્માને જે સેવે તે બ્રાહ્મણ. અહા, તીર્થંકરોની વીરતાની શી વાત! એમની તો એકેક વાત અલૌકિક હોય છે. એ તો કેવળજ્ઞાન પ્રગટ કરવાની વીરતા લઈને આવ્યા છે,—જાણે વીર્યના પૂતળાં! મહા તેજસ્વી ને શાંતરસ જાણે નીતરતો હોય એવી જેની મુદ્રા! સો ઈન્દ્રો જેની સેવા કરે. એ ભગવાન જ્યારે કેવળજ્ઞાન પામે ને આકાશમાં પાંચ હજાર ધનુષ ઊંચે ચાલે, ત્યારે તો જાણે સર્વજ્ઞતાનો એકલો શીતળ રસ! જેમના દેહના પરમાણુ પણ પલટીને પરમ ઔદારિક ને શાંત-શાંત થઈ એની અંદરની શીતળતાની શી વાત!! અહીં તો કહે છે કે જેવી પ્રભુતા એ પ્રભુને પ્રગટી તેવી જ પ્રભુતા તારામાં ભરી છે.

અંદર ભરી છે તો પ્રગટે છે. અંદર પોતામાં પ્રભુતા ન હોય તો પ્રગટશે ક્યાંથી? શું બહારથી આવશે? નહિ. હે જીવ! તારામાં તારી પ્રભુતા ભરેલી છે, તેને તું દેખ તો ખરો. જેમ કુવામાં ઊંડી ડૂબકી મારીને તેના તળિયાનો તાગ લાવે છે તેમ દૃષ્ટિની ગુલાંટ મારીને અંદરના ચૈતન્યસમુદ્રમાં પડ ને એના અતીન્દ્રિય આનંદનો તાગ લાવ. સ્વભાવવીર્યને ઉલ્લસાવ. વીર્યહીન જીવને એમ લાગે કે અરેરે, આવો આત્મા! એ તે કેમ હાથ આવતો હશે!! આપણે તો શુભરાગ કરીએ!—એમ રાગની રુચિ આડે તે નામર્દને સ્વભાવનો ઉત્સાહ જ ચડતો નથી. વિકલ્પ વગરનું ચૈતન્યતત્ત્વ તેના લક્ષમાં આવતું નથી. તેને તો વિકલ્પવાળું જ ચૈતન્યતત્ત્વ ભાસે છે. આત્માર્થી હોય તે તો પોતાની પ્રભુતા સાંભળતાં ઉલ્લસી જાય કે વાહ! મરા ચૈતન્યની પ્રભુતામાં વિકલ્પને અવકાશ જ ક્યાં છે! વિકલ્પ તરફનો ઉત્સાહ તૂટીને સ્વભાવ તરફ તેનું વીર્ય ઊછળે છે; પ્રભુતા તરફના પુરુષાર્થનો ઉત્સાહ પ્રગટ કરીને તે વિકલ્પથી ભિન્ન ચૈતન્યતત્ત્વને અનુભવે છે, ચૈતન્યમાં ઊંડો....ઊંડો ઊતરીને અતીન્દ્રિયસુખનો તાગ લ્યે છે. જેમ પુત્રને દેખતાં અતિશય હેતને લીધે તેની માતાને દૂધની ધારા છૂટે તેમ પોતાની પ્રભુતાનો જેને પરમ પ્રેમ છે તેને તેની વાત સાંભળતાં હેત ઊભરાય છે ને અંતરમાંથી ચૈતન્યના આનંદરસની ધારા છૂટે છે, રોમ રોમ ઉલ્લસે છે એટલે કે સર્વે ગુણોમાં પ્રદેશે પ્રદેશે અનુભવરસની ધારા ઉલ્લસે છે. આત્માની પરિણતિ પોતે પોતાના ગુણની સેવા કરીને તેને સેવે છે, સ્વગુણની સેવના વડે નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે.

અરે પ્રભુ! તારા ગુણના મહિમાની વાત તેં સાંભળી નથી. એનો પ્રેમ ને એનો ઉલ્લાસ કદી તને જાગ્યો નથી, તો તેનો અનુભવ ક્યાંથી થાય? આત્માની પ્રભુતામાં એવો અદ્‌ભુત રસ છે કે તેના રસમાં એકાકાર થતાં વિકલ્પ રહે નહિ, પર્યાય દ્રવ્યમાં એવી લીન થઈ જાય કે દ્વૈતપણું રહે નહિ, રાગની રુચિ રહે નહિ; ચૈતન્યરસની સન્મુખ જોતાં જ રાગ તો ક્યાંક અલોપ થઈ જાય છે. અરે! ઘરમાં ઝવેરાતનો દાગીનો નવો આવે ત્યાં તો કેવો પ્રસન્ન ને ઉલ્લસિત થાય છે! તો અનંત ગુણરત્નોથી જડેલો આ મોટો ચૈતન્યદાગીનો તારી પાસે જ છે ને સંતો તને તે દેખાડે છે તેની પ્રાપ્તિનો ઉત્સાહ કર; તેના પ્રત્યે મહા ઉલ્લાસ અને પ્રસન્નતા કર. અહો! અનંતગુણનો રાશિ આત્મા, જેના એકેક ગુણરત્નમાં એવું અનંત સામર્થ્ય કે ત્રણ લોકના વૈભવ પણ જેની તુલના ન થઈ શકે. આકાશની અનંતતા કરતાંય જેના ભાવનું સામર્થ્ય અનંતગણું,—તેની પ્રભુતાની શી વાત!

પ્રભુતા એટલે મોટાઈ અથવા પ્રભુતા એટલે શોભા! આત્માની મોટાઈ કે શોભા રૂપાળા દેહ વડે નથી, રાગ વડે પણ નથી પણ પોતાના નિજગુણોના નિર્મળ કાર્ય વડે જ આત્માની પ્રભુતા ને શોભા છે. ભગવાન! આ તારી પ્રભુતાનો દરબાર જો તો ખરો! તારા ચૈતન્યદરબારમાં કેવા કેવા અમૂલ્ય રાજરત્નો (ગુણરત્નો) બિરાજે છે તેને દેખ!–તો બહારમાં બધોય મહિમા ઊડી જશે. જેમ ચક્રવર્તીના ભંડારમાં તો મોટા કિંમતી રત્નો ને નિધાન ભર્યાં હોય, કે જેને ખોલતા કદી ખૂટે નહિ; છતાંય એ તો ક્ષણિક છે ને એ કાંઈ જીવને સુખ આપી શકતા નથી; પણ આ ચૈતન્યચક્રવર્તીના ભંડારમાં અનંતગુણના એવાં નિધાન ભર્યાં છે કે જે કદી ખૂટે નહિ, જેનો કદી વિયોગ થાય નહિ, જેને કોઈ લૂંટી શકે નહિ અને જેને દેખતાં પરમ સુખ થાય. સ્વાનુભવરૂપી શ્રુતગંગાના કિનારે પરમ નિધાન પડ્યા છે. અહા! પોતામાં ભરેલા પોતાના નિધાનને દેખતો નથી ને બહારનાં જડ–નિધાનનો મહિમા કરે છે. પ્રભુ હોવા છતાં પોતે પોતાને પામર માની રહ્યો છે ને કર્મે મને મારી નાખ્યો એમ રાડ પાડે છે. અરે બાપુ! કર્મનું નામ-નિશાન તારામાં નથી, એ તે તને શું કરશે? તારામાં તો તારી પ્રભુતા ભરી છે. તારી પ્રભુતાને સંભાળીને એકવાર શ્રદ્ધાનો સિંહનાદ કર ત્યાં તો, સિંહ પાસે જેમ હરણીયાં ભાગે તેમ, આઠે કર્મો ભાગી જશે ને તારી પ્રભુતા પ્રગટ થશે. વીર થઈને વીરના માર્ગને સાધ.

'સર્વદમન'ની વીરતાની વાત પ્રસિદ્ધ છે કે તે નાનો હતો ત્યારે એકવાર સિંહના બચ્ચાંને રમતાં રમતાં હાથમાં ઉપાડ્યું; સિંહણ પાસે જ ઊભી ઊભી આંખ ફાડીને જોઈ રહી હતી; પણ આણે તો નિર્ભયપણે સિંહના બચ્ચાંનું મોઢું ઝાલીને કહ્યું કે 'ઉઘાડ તારું મોઢું, મારે તારા દાંત ગણવા છે!' જુઓ લૌકિકમાંય કેટલી હિંમત! તેમ અહીં 'સર્વદમન' એવો આત્મા સર્વે કર્મોનું દમન કરવા જાગ્યો તે ચૈતન્યની વીરતાથી કહે છે કે દૂર જા કર્મ, મારામાં તારો અભાવ છે. ચૈતન્યમાં વળી કર્મ કેવાં? ચૈતન્યને સાધવા નીકળ્યા એ તો કાંઈ કર્મથી ડરતા હશે? એ તો કર્મના નાશક છે.

પોતાની સર્વશક્તિને સંભાળતો આ ચૈતન્યસિંહ જાગ્યો ત્યાં શું રાગ કે કર્મ તેની સામે ટકી શકતા હશે! આત્મા પોતાના પુરુષાર્થથી જાગ્યો ત્યાં તેના અખંડ પુરુષાર્થને કોઈ ખંડિત કરી શકે નહિ. જેમ સિદ્ધભગવાન સંપૂર્ણ સ્વતંત્ર થઈ ગયા છે, અંશમાત્ર પરતંત્રતા તેમને નથી, તેમ નીચે સિદ્ધપદના સાધકને પણ સ્વલક્ષે સ્વાધીન પ્રભુતા પરિણમી રહી છે અને તેને જ આત્મા કહીએ છીએ. જે પરલક્ષી વિકારપરિણમન છે તે ખરેખર આત્મા નથી.

આ ભરતક્ષેત્રમાં ત્રણ ખંડ આ બાજુ છે ને ત્રણ ખંડ સામી બાજુ છે,-વચ્ચે મોટો વિજયાર્દ્ધ પર્વત છે, તેમાં મોટી ગુફા છે. જ્યારે આ તરફના ત્રણ ખંડ જીતીને અર્ધો વિજય કરી લીધો ત્યારપછી સામેના ત્રણ ખંડ જીતવા માટે ચક્રવર્તીનું સૈન્ય આ ગુફામાંથી પસાર થાય છે. અસંખ્ય વર્ષોથી તે ગુફાના દ્વાર બિડાયેલા હતા તે ચક્રવર્તીના સેનાપતિ દંડરત્નવડે પ્રહાર કરીને જ્યારે ખોલે છે ત્યારે તેમાંથી ભયંકર ગરમ હવા છૂટે છે ને તેનાથી બચવા તેનો અશ્વ બાર યોજન (લગભગ સો માઈલ)ની છલાંગ મારે છે! તેમ અહીં ચૈતન્યચક્રવર્તી અનાદિકાળથી બંધ રહેલા પોતાના ચૈતન્યનિધાનને ખોલવા તૈયાર થયો છે, કષાયોની કલુષતાથી બચવા તે પોતાના જ્ઞાનગગનમાં છલાંગ મારે છે. નિરાલંબી જ્ઞાનગગનમાં આત્મા ઊડ્યો તેને હવે પરભાવો સ્પર્શી શકે નહિ. પં. બનારસીદાસજી સમયસાર નાટકમાં કહે છે તે જેને સમયસારના પક્ષરૂપી પાંખ છે એટલે કે શુદ્ધાત્માનો જે 'પક્ષી' છે તે નિરાલંબી જ્ઞાનગગનમાં ઊડે છે ને આનાથી વિપક્ષી છે તે જગતની જંજાળમાં રૂલે છે.

એકવાર મોહને તોડીને ચૈતન્ય-ગુફાના દ્વાર ખોલ્યાં તે ફરીને કદી બિડાય નહિ. કેવળજ્ઞાનાદિ નવ નિધાન પ્રગટ્યા તે ફરીને કદી જાય નહિ. પછી તે ગુફામાં આગળ જતાં નિમગ્નતા ને ઉન્મગ્ના એવી બે નદીઓ આવે છે; 'નિમગ્ના' એટલે ચૈતન્યગુફામાં નિજવૈભવને સાધતો આત્મા પોતાની પરિણતિને ચૈતન્યપ્રવાહમાં ડુબાડીને નિમગ્ન કરે છે એટલે કે લીન કરે છે; ને 'ઉન્મગ્નતા' એટલે પરભાવોને ઉછાળીને પોતાની બહાર કાઢી નાંખે છે. એ રીતે છ કારકની સ્વાધીનતા વડે શોભતા એવા ચૈતન્યનિધાનરૂપ ચક્રવર્તીપદને તે સાધે છે.

હે જીવ! તારામાં પ્રભુ થવાનો સ્વભાવ છે; પામર કે દીન રહેવાનો તારો સ્વભાવ નથી. આવી પ્રભુતાને ભૂલીને મૂઢતાથી તેં રાગ વડે લાભ માન્યો છે. પણ ભાઈ! તારી સ્વતંત્ર પ્રભુતામાં રાગની મદદ કેવી? પ્રભુતાને પ્રતીતમાં લેતાં રાગનું અવલંબન રહેતું નથી. આ રીતે અનંતગુણની પ્રભુતાના સ્વતંત્ર પરિણમનથી શોભતી પર્યાય પ્રગટ થઈ તે પર્યાય સહિત આત્મા શોભી ઊઠ્યો તેને જ ખરો આત્મા કહેવાય છે ને આવી પ્રભુતાવાળા આત્માને દૃષ્ટિમાં લેવો તે સમ્યગ્દર્શન છે. સમ્યક્ત્વ થતાં પ્રભુતા ખીલવા માંડે છે. *(ક્રમશઃ)*



શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ પ્રેરિત
શ્રી કુંદકુંદ-કહાન પરિવાર યુવકમંડળ આયોજિત



# વચનામૃત વર્ષ

સૌજન્ય : શ્રીમતી લાભુબેન ચીમનલાલ મોદી પરિવાર હ. હિનાબેન-વિજયભાઈ તથા પારસ

## પ્રશ્નપત્ર ક્રમાંક—૭ (કુલ માર્કસ-૫૦)

(અભ્યાસક્રમ : (૧) ગુરુદેવશ્રીના વચનામૃત ક્રમાંક ૧૫૧ થી ૧૭૫,
(૨) બહેનશ્રીના વચનામૃત ક્રમાંક ૨૧૭ થી ૨૫૨)

પરીક્ષાર્થીનું નામ : ........................................ ગામનું નામ : ......................

મંડળનું નામ : .................................................. ઉંમર : ......................

ફોન નં.: ........................................................ તા. -૦૮-૨૦૧૧

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
**(૨) પ્રશ્નોના ઉત્તર વચનામૃતના આધારે આપવા જરૂરી છે.**

**પ્રશ્ન : ૧ (અ) નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય ઉપર ૧૫ થી ૨૦ લીટીમાં મૌલિક નિબંધ તમારા શબ્દોમાં લખો.** (ગુરુદેવશ્રીનાં વચનામૃત) (૯)

(૧) જિનમાર્ગમાં બંને નયોનું ગ્રહણ કરવાનું કઈ રીતે કહ્યું છે? (બોલ નં. ૧૫૨)

(૨) જીવ જે સમયે રાગ-દ્વેષના ભાવ કરે, તે જ સમયે તેના ફળનું વેદન થાય છે, શા માટે? (૧૬૧)

(૩) વિકાર તથા અવિકાર બંનેમાં સ્વતંત્રરુપે પરિણમવાની આત્માની પ્રભુતા છે. વિસ્તૃત ચર્ચા કરો. (બોલ નં. ૧૬૩)

**(બ) નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય ઉપર ૧૫ થી ૨૦ લીટીમાં મૌલિક નિબંધ તમારા શબ્દોમાં લખો.** (બહેનશ્રીનાં વચનામૃત) (૯)

(૧) દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે અન્ય સાધનોની રાહ જોવી ન પડે. વિસ્તૃત ચર્ચા કરો. (બોલ નં. ૨૫૧)

(૨) જ્ઞાનીને દૃષ્ટિ-જ્ઞાન અને વ્યવહારનો સુમેળ કેવો હોય છે? વિસ્તૃત ચર્ચા કરો. (બોલ નં. ૨૩૭)

(૩) સાધનામાં આગળ વધવાનો અવકાશ કોને છે? (બોલ નં. ૨૩૪)

**પ્રશ્ન : ૨ (અ) નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો ઉત્તર વચનામૃતના આધારે તમારા મૌલિક શબ્દોમાં લખો. (પાંચથી દસ લીટી)** (ગુરુદેવશ્રીનાંવચનામૃત) (૩)

(૧) દરેક દ્રવ્ય પરસ્પર અસહાય છે કઈ રીતે? (બોલ નં. ૧૫૩)

(૨) આવો ઉત્તમ યોગ ક્યારે મળશે? ચર્ચો (બોલ નં. ૧૫૧)

(૩) તત્ત્વવિચારના અભ્યાસથી જીવ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે શા માટે? કઈ રીતે? (બોલ નં. ૧૫૭)

**(બ) નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો ઉત્તર વચનામૃતના આધારે તમારા મૌલિક શબ્દોમાં લખો. (પાંચથી દસ લીટી)** (બહેનશ્રીનાં વચનામૃત) (૩)

(૧) દ્રવ્યની કોટિ ઊંચી છે, પર્યાયની કોટિ નીચી છે કઈ રીતે? (બોલ નં. ૨૧૭)

(૨) શુભનો વ્યવહાર પણ અસાર છે? શા માટે? સમજાવો. (બોલ નં. ૨૩૯)

(૩) મુનિરાજના અંતરમાં ડગે ડગે, પુરુષાર્થની પર્યાયે પર્યાયે પવિત્રતા વહે છે? કઈ રીતે? (બોલ નં. ૨૫૦)

**પ્રશ્ન : ૩ (અ) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.** **(૬)**

(૧) દયા-સત્યાદિ વગેરે ભાવ કઈ રીતે બરાબર છે? તેમના વિષેની કેવી માન્યતા મિથ્યા છે?
(૨) નિમિત્તની પ્રધાનતાથી શું થઈ શકે? નિમિત્તથી શું થતું નથી?
(૩) કોની મીઠાશ રહી જવાથી ચૈતન્યની મીઠાશ આવતી નથી?
(૪) જીવ નિગોદમાં શા માટે રહ્યો અને નિગોદમાંથી નીકળીને મોક્ષમાર્ગમાં શાથી આવે છે?
(૫) જિજ્ઞાસુ શાના બળે શુદ્ધાત્મસ્વરૂપને પ્રાપ્ત કરે જ છે?
(૬) યથાર્થ સમ્યગ્દર્શન થયું ક્યારે કહેવાય છે?

**(બ) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.** **(૬)**

(૧) જ્ઞાનીને બહારના કાર્યોમાં જોડાવું શા માટે બોજારૂપ લાગે છે?
(૨) શુભભાવના કર્તૃત્વમાં શું સમાયું છે? તેનો ઉપાય શો?
(૩) મુનિરાજ સતત શું કરે છે? તેમની દશા કેવી છે?
(૪) અમોઘ-રામબાણ જેવા ગુરુવચનોથી શું થાય છે? કોને?
(૫) આત્માના ગુણ ગાતાં ગાતાં ગુણી (ભગવાન) થઈ ગયો, ત્યારે શું થયું?
(૬) પરિભ્રમણ ટાળવું હોય તો શું કરવું જોઈએ?

**પ્રશ્ન : ૪ (અ) નીચેના દરેક પ્રશ્નના માત્ર એક શબ્દમાં ઉત્તર આપો.** **(૬)**

૧. પર્યાયના ક્રમ સામે જોવાથી કોનો સાચો નિર્ણય ન થઈ શકે?
૨. કોને લક્ષ્યમાં લેવાથી અતીન્દ્રિય આનંદનું વેદન થાય છે?
૩. મોક્ષમાર્ગ બે નથી તો પછી બે પ્રકારે શું છે?
૪. ભગવાન આત્મા સર્વાંગરૂપે શું છે?
૫. આત્માએ અનાદિથી પરનું કાંઈ કર્યું નથી, તો જન્મ-મરણનું કારણ શું?
૬. જેનો ચૈતન્યચક્રવર્તી જાગૃત થયો, તે હવે શું કરી વિશ્રામ લેશે?

**(બ) દરેક પ્રશ્નના ઉત્તર માત્ર એક વાક્યમાં આપો.** **(૪)**

(૧) હું શુદ્ધ છું—શુદ્ધ છું, એવી ધારણાથી અથવા વિકલ્પથી શું ન થાય?
(૨) મોહી મનુષ્ય કેવા મનોરથો સેવે છે?
(૩) જીવનમાં ગમે તેવી વિકટ પરિસ્થિતિમાંથી શાના માટે સમય કાઢી લેવો જોઈએ?
(૪) આત્માની અનુભૂતિ પણ મંગળ તથા આનંદરૂપ છે, શા માટે?

**(ક) ખાલી જગ્યા પૂરો.** **(૪)**

(૧) તારા દ્રવ્યના વર્તમાન અંશ પર દૃષ્ટિ તે પણ.......................... છે.
(૨) બહિર્મુખ દૃષ્ટિ હોવાથી વ્રત-દાન-ભક્તિના ભાવો આવે તે............................... છે.
(૩) હું તો........................... જ છું, મારે કાંઈ જોઈતું નથી.
(૪) ......................... તે જ અપૂર્વ દર્શન છે.

## આત્મધર્મ-વાર્ષિક શુલ્ક

આ ઓગસ્ટ માસથી આપનું આત્મધર્મનું વાર્ષિક લવાજમ પુરું થાય છે. આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઈચ્છતા હો તો કૃપા કરી વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ તાત્કાલિક મોકલશો. જો આપ આજીવન સ્થાયી ગ્રાહક બનવા ઈચ્છતા હો તો રૂા. ૧૦૧=૦૦ મોકલવા વિનંતી.

# સુવર્ણપુરી સમાચાર :—

❀ **મંગલ પત્રિકા લેખનવિધિ :**–પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૯૭મા વાર્ષિક જન્મોત્સવની આમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા.૧૦-૭-૧૧ને રવિવારના રોજ સુવર્ણપુરી(સોનગઢ)માં વિભિન્ન મુમુક્ષુમંડળોના સભ્યોની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ હતી. આ પત્રિકાને પ્રતિષ્ઠેય શ્રી બાહુબલી મુનિરાજના જિનબિંબના સ્થળેથી (જૈન બોર્ડિંગ) વાજતે-ગાજતે સ્વાધ્યાયમંદિરમાં લાવવાનો લાભ શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર પરિવાર, રાજકોટને પ્રાપ્ત થયો હતો.

❀ **દશલક્ષણપર્યુષણપર્વ :**–ભાદરવા સુદ ૫, શુક્રવાર તા. ૨-૯-૨૦૧૧થી ભાદરવા સુદ ૧૪, રવિવાર, તા. ૧૧-૯-૨૦૧૧ સુધી દસ દિવસ શ્રી દશલક્ષણપર્યુષણપર્વ શ્રી દશલક્ષણ-મંડલવિધાનપૂજા તથા મુનિધર્મમહિમાયુકત અધ્યાત્મ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવશે. એ જ રીતે તા. ૧૦-૯-૨૦૧૧, શનિવારથી તા. ૧૨-૯-૨૦૧૧, સોમવાર સુધી ત્રણ દિવસ 'રત્નત્રયધર્મ' પર્વ પણ ઊજવાશે.

❀ **ઉત્તમ ક્ષમાવણીપર્વ :**–ભાદરવા વદ ૧, મંગળવાર, તા. ૧૩-૯-૨૦૧૧ના દિવસે ક્ષમાવણીપર્વ ક્ષમાવણીપૂજા, સાંવત્સરિક આલોચના તથા ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

---

## An Eminent Jain Scholar Mr. Subhash Sheth's Lecture tour on jainism in U.S.A. Schedule 2011

| S. No. | Date | City | Contact |
|---|---|---|---|
| 1. | Sept 01 - Sept 11 Thu - Sun | Tampa, Florida (Tampa International Airport) **Das Laxan Parva Celebration at Jain Center** | Dr. Siddharth H. Shah 727-934-6141 Dr. Rakesh P. Shah 727-942-8370 |
| 2. | Sept 12 – 17 Mon - Sat | Lansdale, PA (Philadelphia Airport) | Pravin/Kalpana Shah 215-362-5598 |
| 3. | Sept 18 – 24 Sun - Sat | Jain Center of America, New York, NY (Road Journy from lansdale to New York | Susmita Mehta 718-225-2929 Dr. Haresh Shah 718-275-3049 |
| 4. | Sept 25 Sunday | Leave for Mumbai India | |

For further information, please contact :

**Hasmukh M. Shah,** President : Jain Swadhyay Mandir Songadh (USA)

Phone : 727-934-3255 / 727-534-5168 Email : hasmukh33@yahoo.com

---

**રૂ. ૧૦,૫૮૪/- શ્રી રૂપાળીબેન તથા શ્રી અમરચંદભાઈ વાલજીભાઈ ડગલી, લંડન વતી હસ્તે પૌત્ર ડો. મિલન (મયંક) તથા પૌત્રી વિમલ, લંડન તરફથી આ અંકના પ્રકાશનાર્થ સહયોગ મળેલ છે.**

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ આત્માને માટે કાંઈક એની પાછળ પડવું જોઈએ, આનું રટણ કરવું જોઈએ. જાગતાં, ઊંઘતા એનો પ્રયત્ન જોઈએ. એની રુચિનો પ્રકાર સરખો થવો જોઈએ. અંદરમાં પરમેશ્વર કેટલો મહાન છે! એને જોવાનું કુતૂહલ જાગે તો જોયા વિના ચેન ન પડે. ૫૭૬.

❀ ત્રિકાળી ધ્રુવસ્વભાવ સાર છે, તેના આશ્રયે ધર્મ થાય છે, તેની દૃષ્ટિ કરવાથી ધર્મ થાય છે. એ સિવાય બધું થોથા—વ્યર્થ છે. ન્યાયના ગ્રંથમાં ધર્મી ને ધર્મ બે ભિન્ન છે એમ કહ્યું છે, બન્ને નિરપેક્ષ છે, સત્ છે. અહીં કહે છે કે સમસ્ત નાશવાન ભાવોથી ધર્મી દૂર છે. સંવર અધિકારમાં કહ્યું છે કે વિકારના પ્રદેશ ભિન્ન છે. ચિદ્‌વિલાસમાં કહ્યું છે કે પર્યાયનું ક્ષેત્ર ને દ્રવ્યનું ક્ષેત્ર ભિન્ન ભિન્ન છે. ૫૭૭.

❀ જિનસ્વરૂપી ભગવાન આત્મા વીતરાગમૂર્તિ અંદર છે. બધા જીવો જિનસ્વરૂપે અંદર છે, પર્યાયમાં ફેર છે પણ વસ્તુમાં ફેર નથી. રાગની એકતા તોડીને જિનસ્વરૂપને જે દૃષ્ટિમાં લ્યે ને અનુભવે તે અંતરના જૈન છે, વેશમાં જૈનપણું નથી. બહારમાં કપડાં કાઢીને નગ્ન થઈને બેઠા માટે તે જૈનપણું છે કે પંચમહાવ્રત પાળે છે માટે તે જૈનપણું છે એમ નથી. જૈનપણું તો પરમાત્મા એને કહે છે કે વસ્તુ પોતે જિનસ્વરૂપે છે, વીતરાગમૂર્તિ અખંડાનંદનો નાથ પ્રભુ છે એની જેને દૃષ્ટિ થઈ અને રાગની–વિકલ્પની દૃષ્ટિ છૂટી ગઈ એને જૈન કહે છે. જિનને જાણે તે જૈન છે, જિન એટલે પોતે આત્મા. ૫૭૮.

❀ અહા! સ્વને ભૂલીને જ્યાં પરમાં નિજ–પરનો ભેદ પડ્યો, મારા ને તારાનો ભાગ પડ્યો ત્યાં મિથ્યાત્વનો રાગ–દ્વેષ થાય છે. અને તેવી રીતે હું ભલો ને બીજા બધા ખરાબ એમ માનતા પણ મિથ્યાત્વની ઉત્પત્તિ થાય છે. ભાઈ! તને ભ્રમણા થઈ છે. હું જ્ઞાન ને તે જ્ઞેય—એમ માનને ભાઈ! પરપદાર્થ ચાહે તો દેવ–શાસ્ત્ર–ગુરુ હો, પંચપરમેષ્ઠી હો, નિગોદ હો કે શત્રુ હો—બધા આત્માના જ્ઞાનના જ્ઞેય છે. પણ આ ઠીક કે આ અઠીક એવું વસ્તુમાં નથી તેમ જ અહીં સમ્યગ્જ્ઞાનમાં પણ નથી. છતાં તેં પરિણામમાં ઠીક-અઠીક માની રાગ–દ્વેષ ઊભા કર્યા છે. ૫૭૯.

આત્મધર્મ
ઓગસ્ટ-૨૦૧૧
અંક-૧૨ * વર્ષ-૫

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂ. ૯/- આજીવન લવાજમ રૂ. ૧૦૧/-

## ખરેખર જ્ઞાન પરને જાણતું નથી, પોતાની પર્યાયને જાણે છે.

પ્રમાણજ્ઞાન છે તે પર્યાય છે, સ્વને ને પરને જાણનારી પર્યાય છે. પ્રમાણ પોતે સદ્‌ભુત ઉપચારનયનો વિષય છે. કેમ? કે—જ્ઞાન તો પોતાનું છે માટે સદ્‌ભુત. પોતાની હયાતી છે તો પરને જાણે છે અને પોતાનું છે માટે સદ્‌ભુત થયું, પણ પરને જાણે છે એમ કહેવું તે ઉપચાર છે. ખરેખર એ પરને જાણતું નથી, પોતાની પર્યાયને જાણે છે. આહાહા! થોડું થોડું પણ સમજવાની વસ્તુ છે હો! સૂક્ષ્મ પડે પણ આ સમજાયા વિના એના કોઈ દી આરા નહીં આવે.

*(શ્રી સમયસાર, ગાથા-૬ના પ્રવચનમાંથી)*

લાલ વસ્ત્રનું જ્ઞાન થાય તે લાલનું જ્ઞાન નથી. લાલ વસ્ત્ર તો હું નથી પણ રક્ત-શરીર લાલ કે ગોરું એને જે જાણતું જ્ઞાન તે રક્તને-લાલને જાણે છે એમ નથી. ખરેખર તો એ જ્ઞાનની પર્યાયને જ જાણે છે ઈ; કેમ કે એના અસ્તિત્વમાં શરીરાદિ લાલ તેનું અસ્તિત્વ અહીં તો નથી, અહીં જે છે તે સ્વ-પરને જાણવાની દશાનું અસ્તિત્વ છે, એ પરનું જાણવું એ પણ પરસંબંધી પોતાના સામર્થ્યનું જાણવું છે—એમ છે.

*(શ્રી સમાધિતંત્ર, પ્રવચન-૭૯માંથી)*

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org

